# આત્મધર્મ

માસિક : વર્ષ-૨૦ * અંક-૭ * માર્ચ, ૨૦૨૬

## પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો



## ૯૪મો
## મંગલમય સમ્યક્ત્વજયંતી મહોત્સવ

વાંકાનેર, ૧૯૮૯ ફાગણ વદ દશમનો
અપૂર્વ દિવસ
સ્વ સ્વરૂપનું સહજ આવતાં ફાગણ વદ દશમને સોમવારે બપોરે તે સ્વરૂપનું ધ્યાન થતાં તેમાં એકાગ્ર થતાં તે સ્વરૂપમાં ઊંડી તલ્લીનતાએ આવી [illegible] ફરી પણ પોતાના સ્વ સ્વરૂપમાં સ્થિર થઈ ચૈતન્ય ભગવાન તે સ્વરૂપને અનુભવતા હતા. પોતાના નિર્વિકલ્પ સહજ સ્વરૂપમાં ખેલ રહ્યા હતા, રમી રહ્યા હતા. અનુપમ ને અદ્ભુત એવા આત્મવૈભવની મહીમા કોઈ અપાર છે. ચૈતન્યદેવ આનંદ [illegible] ડોલતા રૂપ.

અહો!! અનંતકાળથી છૂપાએલા આત્મ ભગવાન પ્રગટ થયા. તેનો છૂપાએલો એવો અનુપમ અમૃત સ્વાદ લેવાયો, અનુભવાયો.
તે તો આ સદ્ગુરુદેવ આપનો જ પ્રતાપ છે.
અપૂર્વ આત્મસ્વરૂપ પ્રગટ્યું તે પરમ કૃપાળુ સદ્ગુરુદેવનો જ પ્રતાપ છે.

ભારતખંડમાં અપૂર્વ મુક્તિમાર્ગ પ્રકાશનાર પરમ ઉપકારી ગુરુદેવને નમસ્કાર

૧૯૮૯
વાંકાનેર, આનંદનો દિવસ
ફાગણ વદ દશમને સોમવારે બપોરે સામાયિકમાં નિજ સ્વરૂપ અનુભવાયું. અનંતકાળ થી નહિ સમજાયેલું સ્વરૂપ સમજાયું. આનંદ સાગર ઉછળી રહ્યા હતા. તે સ્વરૂપ આશ્ચર્યકારી અને અદ્ભુત છે.
પરમ ઉપકારી પરમ પ્રતાપી સદ્ગુરુદેવને નમસ્કાર.

# આગમ–મહાસાગરનાં અણમૂલાં રત્નો

● નિર્મલ સમ્યગ્દર્શન કિસી દોષકી તરફ દૃષ્ટિ નહીં રખતા હૈ, વહ સકલ દોષોંસે રહિત પરમાત્માકો શ્રદ્ધાપૂર્વક દેખતા હૈ. તીન પ્રકારકે કર્મો પર દૃષ્ટિ નહીં રખતા હૈ. ૧૪૬. (શ્રી તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચયસાર, શ્લોક-૨૫૩)

● બહુ કહેવાથી અને બહુ દુર્વિકલ્પોથી બસ થાઓ, બસ થાઓ. અહીં એટલું જ કહેવાનું છે કે આ પરમાર્થને એકને જ નિરંતર અનુભવો, કારણ કે નિજરસના ફેલાવથી પૂર્ણ જે જ્ઞાન તેના સ્ફુરાયમાન થવામાત્ર જે સમયસાર (–પરમાત્મા) તેનાથી ઊંચું ખરેખર બીજું કાંઈ પણ નથી. (સમયસાર સિવાય બીજું કાંઈ પણ સારભૂત નથી). ૧૪૭. (શ્રી અમૃતચંદ્રાચાર્યદેવ, સમયસાર-ટીકા, કળશ-૨૪૮)

● અહીં કોઈ જાણશે કે શુભ–અશુભ ક્રિયારૂપ જે આચરણરૂપ ચારિત્ર છે તે કરવાયોગ્ય નથી તેમજ વર્જવાયોગ્ય પણ નથી. ઉત્તર આમ છે કે–વર્જવાયોગ્ય છે, કારણ કે વ્યવહારચારિત્ર હોતું થકું દુષ્ટ છે, અનિષ્ટ છે. ઘાતક છે, તેથી વિષય-કષાયની માફક ક્રિયારૂપ ચારિત્ર નિષિદ્ધ છે એમ કહે છે–શુભ-અશુભરૂપ કરતૂત (કૃત્ય) નિષેધ્ય અર્થાત્ ત્યજનીય છે. ૧૪૮.(શ્રી રાજમલ્લજી, કળશટીકા, કળશ-૧૦૮)

● જેઓ અજીવતત્ત્વને કે જે જીવતત્ત્વથી વિધિ દ્વારા વિભક્ત છે, તેને યથાર્થરૂપે જાણતા નથી તેઓ ચારિત્રવાન હોવા છતાં–ચારિત્રનું અનુષ્ઠાન કરવા છતાં–પણ તે વિવિક્ત, શુદ્ધ અને નિર્મળ આત્માને પ્રાપ્ત થતાં નથી કે જે દોષોથી રહિત છે. (દ્રવ્યલિંગી મુનિ) ૧૪૯.

(શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, અજીવ અધિકાર, ગાથા-૫૦)

● જેમ દુષ્કાર્યના ઉત્પાદક હેતુને દુષ્ટ કહે છે તે જ પ્રમાણે અનિષ્ટ ફળદાયી હોવાથી વ્રતક્રિયા ઈષ્ટાર્થરૂપ નથી, પરંતુ અનિષ્ટાર્થ જ છે. ૧૫૦.

(શ્રી રાજમલ્લજી, પંચાધ્યાયી, ભાગ-૨, ગાથા-૫૬૮)

● જિસકે ભીતર જ્ઞાનસ્વભાવી આત્માકા પ્રકાશ નહીં હૈ ઉસકા વ્રત કરના, તપ પાલના, ક્રિયા કરના, ઉપસર્ગ સહના નિષ્ફલ હૈ. આત્મજ્ઞાન સ્વભાવકે પ્રકાશ વિના અન્ય અનેક પ્રકાર સર્વ હી ચારિત્ર નિંદાકે યોગ્ય હૈ. ૧૫૧.

(શ્રી તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચયસાર, શ્લોક-૨૨૭)

● પુણ્ય–પાપના કારણે સંસાર-વનમાં પ્રવેશ થાય છે, એ જોનાર જે જે શુદ્ધબુદ્ધિ છે તે પુણ્ય-પાપમાં ભેદ કરતા નથી. બંનેને સંસાર–વનમાં ભ્રમણ કરાવવાની દૃષ્ટિએ સમાન સમજે છે. ૧૫૨.

(શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, બંધાધિકાર, ગાથા-૮૦)

વર્ષ–૨૦
અંક–૭




વિ. સંવત
૨૦૮૨
March
A.D. 2026



અહો પ્રશમમૂર્તિ પૂજ્ય ભગવતી માતા!

રત્નાક્ષરે લખાય એવું આપનું પવિત્ર જ્ઞાન, આપની મંગળકારી નિજ પર સાધના અમને આદર્શ બનો, હે સ્વાનુભૂતિની મંગળ પ્રણેતા! આપનું ગંભીર વ્યક્તિત્વ બતાવે છે કે જો ચારગતિના ભયંકર દુઃખોથી છૂટવું હોય તો સ્વાનુભૂતિના પંથે ચાલો. અમારા ઉપર વિશ્વાસ રાખીને તમે અહીં આવો....અહીં આવો. આ સ્વાનુભૂતિના પ્રણેતા અમે આ ઊભા એમ અમને સત્યના પંથે બોલાવી રહ્યું છે. હે માતા! વિશ્વના અચિંત્ય ઝવેરી કૃપાળુ ગુરુદેવને આપની દિવ્ય સાધના માટે શબ્દો ઓછા પડતા હતા. તો અમે તો પામર પ્રાણી આપની ભક્તિ કરનારા છીએ. અમે તો કોણ? છતાં પૂજ્ય ગુરુદેવશ્રીની આજ્ઞા હતી કે બેન માટે ગમે તેટલું કરો, ઓછું છે, આથી આપ નિરંતર હૃદયમાં રહ્યા કરો એવી ભાવના છે. હે કૃપાળુ માતા! આજ (ફાગણ વદ-૧૦)ના મંગળકારી દિવસે આપના ચરણોમાં કોટિ કોટિ વંદન કરી એક જ વરદાન માગીએ છીએ કે અમને આપની સાથે શાશ્વત રાખી 'મોક્ષમૂલં ગુરુકૃપા' અમારા જીવનમાં સફળ થાઓ. બસ! એ જ ભાવના સાથે આપને કોટિ કોટિ વંદન.

બોલો પૂજ્ય ભગવતી માતનો જય હો.

સમ્યક્ત્વજયંતિ દિનનો જય હો.

## પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના
## ૯૪મા સમ્યક્ત્વજયંતી મહોત્સવ પ્રસંગે શ્રોતાઓ સાથે થયેલ
# સમ્યક્ત્વબોધપ્રેરક તત્ત્વચર્ચા

શ્રોતા :—સમ્યગ્દર્શન પ્રગટ કરવા, પહેલાં પ્રમાણજ્ઞાનથી પુરુષાર્થ ઉપાડીએ કે ધ્રુવ–જ્ઞાયકના જોરથી પુરુષાર્થ ઉપાડીએ? કઈ રીત છે?

પૂજ્ય બહેનશ્રી :—બંને ભેગું છે. 'હું જ્ઞાયક છું, ધ્રુવ છું' એવું જોર હોય અને પર્યાયમાં અધૂરાશ છે તેનું જ્ઞાન હોય—એ બંને રીતે પુરુષાર્થ ઊપડે છે. દ્રવ્યસ્વભાવે આત્મા શુદ્ધ છે એવું જોર હોવા છતાં દ્રવ્યમાં શુદ્ધતા છે અને પર્યાયમાં અશુદ્ધતા છે એમ બંનેનું જ્ઞાન પ્રમાણમાં સાથે રહે છે. પરિણતિ ભલે દ્રવ્ય ઉપર દૃષ્ટિ દે, (દૃષ્ટિ ભલે દ્રવ્યની હોય) તો પણ જ્ઞાન સાથે જ રહે છે.

શ્રોતા :—પુરુષાર્થ કરવા માટે જોર કોના ઉપર આપવું?

પૂજ્ય બહેનશ્રી :—જોર દ્રવ્ય ઉપર જાય છે, પણ જ્ઞાન સાથે રહે છે. એકલું દ્રવ્ય ઉપર જોર જાય અને પર્યાય કાંઈ છે જ નહિ એમ માને તો દ્રવ્ય ઉપરનું જોર ખોટું થાય છે. દ્રવ્ય ઉપર જોર રાખે અને પર્યાયમાં રાગ કે કાંઈ નથી એમ જાણે તો દ્રવ્યનું જોર ખોટું થાય છે. બંને—દૃષ્ટિ ને જ્ઞાન સાથે રહે છે. અને તો જ તેની દ્રવ્યદૃષ્ટિ પણ સમ્યક્ છે. સમ્યગ્જ્ઞાન સાથે ન હોય તો દ્રવ્યદૃષ્ટિ પણ સમ્યક્ નથી. ભલે દ્રવ્ય ઉપરનું જોર મુખ્ય રહે તો પણ (પર્યાયનું) જ્ઞાન સાથે રહે છે. એટલે પ્રમાણજ્ઞાન કાંઈ કામનું નથી એવો તેનો અર્થ નથી. દ્રવ્યદૃષ્ટિની મુખ્યતાપૂર્વક પ્રમાણજ્ઞાન સાથે જ રહે છે.

**શ્રોતા** :—*આત્માને ઓળખવાનો અભ્યાસ કેવી રીતે કરવો? શું બહારનાં કામ છોડી દેવાં?*

પૂજ્ય બહેનશ્રી :—પોતે અંદરથી ખટક રાખીને વાંચન કરવાનો ટાઈમ ગોતી લેવો. કામ એવાં ન હોવાં જોઈએ કે પોતાને વિચાર—વાંચનમાં ડખલ થાય. એટલાં બધાં કામ ન હોય કે વાંચવાનો કે વિચારવાનો ટાઈમ ન મળે. જો તેવું હોય તો પોતે કામને ઓછાં કરીને નિવૃત્તિ મળે એવું કરવું જોઈએ. કેટલાંક કામ છોડવાં જોઈએ, પણ કેટલાં છૂટે તે પોતાની શક્તિ પ્રમાણે છે. પોતાને નિવૃત્તિ મળે, વાંચન-વિચારનો ટાઈમ મળે એવી જાતનાં મર્યાદિત કામ હોય. ગૃહસ્થાશ્રમમાં અમુક પ્રકારના કામ તો હોય છે. પણ પોતાને નિવૃત્તિ માટે ટાઈમ જ ન મળે અને બોજો વધી જાય તેવું ન હોય. કામ છોડવાં કે ન છોડવાં તે તો પોતાની રુચિ ઉપર છે, બાકી ગૃહસ્થાશ્રમમાં પોતાને વાંચન-વિચારનો ટાઈમ મળે એટલું તો હોવું જોઈએ.

**શ્રોતા** :—આપ સમ્યગ્દર્શન આટલું દૂર છે.....આટલું દૂર છે તે કોના જોરે કહેતાં હતાં?

પૂજ્ય બહેનશ્રી :—જ્ઞાયકના જોરે કહેતી હતી, જ્ઞાયકના જોરે કહેવાતું હતું. જ્ઞાયકના જોરથી એમ લાગતું હતું કે સમકિત નજીક છે. આ પરિણતિ એવી છે કે ઠેઠ સુધી પહોંચે જ છૂટકો થશે, આ પુરુષાર્થની ધારા એવી છે કે ઠેઠ સુધી પહોંચી જ જાશે. પોતાની ઉગ્રતાના આધારે કહેતી હતી. ક્યારે થશે તે કાંઈ નિશ્ચિત નહોતું લાગતું ને એવી કાંઈ ખબર ન હતી, પણ અંતરના જ્ઞાયકની ઉગ્રતાથી, પોતાની ભાવનાથી, પુરુષાર્થના જોરથી કહેતી હતી.

શ્રોતા :—સૌ પહેલાં સમ્યગ્દર્શન થયું હશે ત્યારે આપને આનંદ–ઉલ્લાસ કેટલો આવ્યો હશે!!

પૂજ્ય બહેનશ્રી :—મારી હું શું વાત કરું? એ તો અનંતકાળથી જે નહોતું મળ્યું તે મળે તેના આનંદનું શું કહેવું!! તે આનંદ અંશે હતો, હવે તો ભાવના પૂર્ણતાની થાય છે. ક્યારે મુનિદશા આવે! ક્ષણે ક્ષણે અંતરમાં વાસ કરી બહાર ન આવીએ એવો દિવસ ક્યારે આવે! એવી ભાવના રહે છે. ચૈતન્યમાંથી પ્રગટ થયેલો તે આનંદ જુદો જ હોય છે! અંગત વાત તો શું કરવી? બાકી હવે તો મુનિદશાની ને કેવળજ્ઞાનની ભાવના થાય છે કે તે દિવસ-એવો અપૂર્વ અવસર ક્યારે આવે કે જ્યારે મુનિ થઈ ક્ષણે ક્ષણે અંતરમાં વાસ કરીએ અને કેવળજ્ઞાન પ્રગટ કરીએ. તે ભાવના રહે છે.

**શ્રોતા** :—આ જીવ ઘણીવાર સમવસરણમાં જઈ આવ્યો, છતાં સમ્યગ્દર્શન ન પામ્યો તો તેનું કારણ શું? કૃપા કરી સમજાવો.

પૂજ્ય બહેનશ્રી :—તેણે અંતરથી ભગવાનને ઓળખ્યા નથી માટે એવો ને એવો પાછો આવે છે. તેણે ભગવાનને બહારથી ઓળખ્યા કે ભગવાન સમવસરણમાં બિરાજે છે, અષ્ટ પ્રાતિહાર્ય છે, સિંહાસન પર બિરાજમાન છે, છત્ર-ચામર છે ને શરીર શાંત હોવાથી તેઓ શાંત છે. તેણે એવું બધું જોયું પણ અંતરથી ભગવાનને ન ઓળખ્યા; તેથી પાછો આવ્યો, 'ભગવાનનું શું સ્વરૂપ છે, આત્માનું શું સ્વરૂપ છે'–તે ઓળખ્યું નથી એટલે પાછો આવે છે.

**શ્રોતા** :—મારી ઉંમર પૂરી થવા આવી છે, તો ટૂંકામાં મારે આત્માનો અનુભવ કરવા શું કરવું જોઈએ તે કૃપા કરી સમજાવશો.

પૂજ્ય બહેનશ્રી :—બધાને એક જ કરવાનું છે. આચાર્યદેવ કહે છે કે આબાળગોપાળ

બધાને એક જ્ઞાયક આત્મા ઓળખવાનો છે તે એક જ કરવાનું છે. ઘણાં વર્ષો સાંભળ્યું છે, હવે બસ, એક જ્ઞાયક આત્માને ઓળખવો એ જ કરવાનું છે. જ્ઞાયક જુદો છે અને શરીર જુદું છે. વિભાવભાવ પોતાનો નથી; તેનાથી પોતે જુદો છે. આત્મા શાશ્વત છે, ઉંમર અને રોગાદિ બધું શરીરને લાગુ પડે છે. આત્માને કાંઈ લાગુ પડતું નથી—એમ આત્માને ઓળખવો કે આત્મા જ્ઞાયક છે. દેવ-શાસ્ત્ર-ગુરુની મહિમાપૂર્વક અંતરમાં શુદ્ધાત્માને ઓળખવાનો પ્રયત્ન કરવો. બધાંને આ એક જ કરવાનું છે. ''હું જ્ઞાયકદેવ ભગવાન આત્મા છું, મારા આત્મામાં બધું—સર્વસ્વ છે. હું અદ્ભુત, અનુપમ, આનંદથી ને જ્ઞાનથી ભરેલો છું, અનંત પ્રભુતાથી ભરેલો હું ચૈતન્ય છું. એક અદ્ભુત તત્ત્વ 'હું' છું. શરીરની ગમે તે અવસ્થાઓ થાય, તે હું નથી. હું તેનાથી જુદો અદ્ભુત શાશ્વત ચૈતન્ય છું.''—આ રીતે આત્માને ઓળખવાનો પ્રયત્ન કરવો.

શ્રોતા :—ગુરુ કેવા હોવા જોઈએ? કેમ ઓળખવા?

પૂજ્ય બહેનશ્રી :—યથાર્થ સત્‌નું સ્વરૂપ જેણે પ્રગટ કર્યું છે, અર્થાત્ જે યથાર્થ સ્વરૂપે પરિણમી ગયા છે તથા જે યથાર્થ વસ્તુસ્વરૂપને બતાવનાર છે તેને સાચા ગુરુ કહે છે. ગુરુને પોતે યથાર્થ ઓળખીને ગ્રહણ કરવા જોઈએ. એટલી તો પોતાની તૈયારી હોવી જોઈએ. અંદરમાંથી એટલી જિજ્ઞાસા પ્રગટ કરીને સત્‌સ્વરૂપને બતાવનારા એવા ગુરુને પોતે ગ્રહણ કરે. પછી ગુરુ જે કહે છે તેનો આશય ગ્રહણ કરીને પોતે તે માર્ગે ચાલે તો માર્ગ પ્રગટ થાય છે.

**શ્રોતા** :—શુદ્ધનયકા ઔર સમ્યગ્દર્શનકા વિષય ક્યા એક આત્મા હી હૈ? ક્યા દૃષ્ટિમેં કોઈ પર્યાયકા સ્વીકાર નહીં?

પૂજ્ય બહેનશ્રી :—દોનોંકા વિષય એક આત્મા હી હૈ, પર્યાય નહીં. દ્રવ્યદૃષ્ટિમેં પર્યાય નહીં આતી. અધૂરી, પૂર્ણ પર્યાય પર ભી લક્ષ નહીં જાતા. શુદ્ધ પર્યાયકા વેદન હોતા હૈ, તો ભી શુદ્ધ પર્યાય પર ઉસકી દૃષ્ટિ નહીં હોતી. દૃષ્ટિ તો શાશ્વત અનાદિ-અનંત પારિણામિકભાવ ઊપર હૈ. પારિણામિક ભાવકા ભી વિકલ્પ નહીં હોતા. 'મૈં અનાદિ-અનંત આત્મા હૂં' ઈસકે ઉપર દૃષ્ટિ રહતી હૈ, શુદ્ધ-અશુદ્ધ દોનોં પર્યાય પર દૃષ્ટિ નહીં હોતી. ઈસકા વેદન હોવે તો ભી દૃષ્ટિ ઉસ પર નહિ હોતી. જ્ઞાન જાનતા હૈ કિ 'મેરી સાધકદશા ઈતની હૈ—ચતુર્થ ગુણસ્થાન હૈ, છઠા-સાતવાં ગુણસ્થાન હૈ,'—ઐસા જ્ઞાનમેં રહતા હૈ ઈસલિયે પુરુષાર્થ હોને લગતા હૈ—પુરુષાર્થ કરતા હૈ. પરંતુ દૃષ્ટિ તો પૂરી દ્રવ્ય પર હૈ. પર્યાયકા વેદન હોતા હૈ, વહ જ્ઞાન જાનતા હૈ.

**શ્રોતા :**—*સમ્યગ્દર્શન પ્રાપ્ત થતાં અંદરમાં શું થાય ?*

પૂજ્ય બહેનશ્રી :—ચૈતન્ય જે જુદો હતો તે જુદા સ્વરૂપે પરિણમી ગયો, દુનિયાથી જુદો પડી ગયો. તેની આખી પરિણતિ જ દુનિયાથી અલગ થઈ ગઈ. વિભાવની દશાને અને સ્વભાવની દશાને પ્રકાશ અને અંધકાર જેટલો તફાવત થઈ ગયો. જે માર્ગ સૂઝતો ન હતો તે માર્ગ મળી ગયો. માર્ગ મળ્યો, પણ કરવાનું હજી બાકી છે. અંદરમાં હજી પોતારૂપે—પૂર્ણપણે પોતે સહજ પરિણમી જાય તે હજી કરવાનું બાકી છે.

**શ્રોતા :**—સમ્યગ્દષ્ટિને શું કોઈ સ્પૃહા જ રહી નથી ?

પૂજ્ય બહેનશ્રી :—જેને સમ્યગ્દર્શન પ્રગટ થાય છે તેને એકત્વબુદ્ધિ તૂટી જાય છે તેથી તેને જગતની કોઈ સ્પૃહા નથી, બહારની કોઈ અપેક્ષા નથી. રાગના કોઈ વિકલ્પમાં તેને રસ નથી, જગતના કોઈ પુણ્ય તત્ત્વ પ્રત્યે તેને રસ નથી, સ્પૃહા માત્ર છૂટી ગઈ છે.

જ્ઞાનીને એકત્વબુદ્ધિપૂર્વક કોઈ જાતની સ્પૃહા નથી. જોકે પુરુષાર્થની મંદતાથી આચરણમાં અલ્પ સ્પૃહા રહે છે તે જુદી વાત છે; પણ શ્રદ્ધામાં તો તેણે પહેલાંથી નવ નવ કોટિએ બધાંનો ત્યાગ કર્યો છે. નવ નવ કોટિએ વિભાવ મારે જોઈતા નથી. ઊંચામાં ઊંચા શુભભાવના વિકલ્પને પણ મન-વચન-કાયાથી છોડું છું. મારે તે નથી જોતા, નથી જોતા—એ રીતે શ્રદ્ધામાંથી પહેલાં વિકલ્પો છૂટી જાય છે. પછી આચરણમાંથી પણ છૂટી જાય છે.

જ્ઞાની અસ્થિરતાને લીધે બહારનાં કોઈ આચરણોમાં ઊભા હોય, પરંતુ તે સર્વ આચરણો તિલાંજલીરૂપ છે. મને તેના પ્રત્યેની કોઈ સ્પૃહા નથી, કોઈ વિકલ્પનો અંશ માત્ર મારો નથી. સ્વરૂપના ગુણ-પર્યાયના વિચારોમાં રોકાવું તે પણ પોષાતું નથી.

**શ્રોતા :**—*આત્માનો સાક્ષાત્કાર કરવામાં ટાઈમ લાગે તો અમારે શું કરવું ?*

પૂજ્ય બહેનશ્રી :—જ્યાં સુધી રાગ-દ્વેષ-મોહમાં રોકાણો છે ત્યાં સુધી ટાઈમ લાગે. માટે જ ગુરુ અને આચાર્યો કહે છે કે તું પુરુષાર્થ કરીને તારી તરફ જા. તું ભેદજ્ઞાન કર. આ રાગ તે તારું સ્વરૂપ નથી, દ્વેષ તે તારું સ્વરૂપ નથી, તું તેનાથી જુદો છે. તું જાણનારો છો, રાગાદિનો જ્ઞાતા થઈ જા, સાક્ષી થઈ જા, તે તારું સ્વરૂપ નથી. તું પુરુષાર્થ કર એટલે જે વિકલ્પો છે તે શાંત થઈ જશે. ભેદજ્ઞાન કરીને આગળ જા. પહેલાં રાગ-દ્વેષ છૂટી નથી શકતા. તેનાથી ભેદજ્ઞાન થાય ને સ્વભાવ ઓળખે કે આ મારો સ્વભાવ છે. આ બધા કષાયો મારાથી જુદા છે, 'હું તેનાથી જુદો છું' એમ ભેદજ્ઞાન કરે. પછી ધીરે ધીરે પુરુષાર્થ કરીને તેમાં લીનતા કરતો કરતો સ્વાનુભૂતિની ઉગ્રતા કરે છે.

શ્રોતા :—જ્ઞાનીકી અંતરંગ દશા કૈસી હોતી હૈ ?

પૂજ્ય બહેનશ્રી :—જ્ઞાનીકી અંતરંગ દશા અલગ પ્રકારકી હૈ. ભેદજ્ઞાનકી સહજ ધારા નિરંતર રહતી હૈ. જ્ઞાયકકી ધારા હોનેસે જો જો વિકલ્પ ઉઠતે હૈં વહ સબસે જ્ઞાની ભિન્ન રહતે હૈં ઔર જ્ઞાની વિકલ્પરૂપ જ્ઞાયક નહિ, પરિણતિરૂપ જ્ઞાયક રહતા હૈ. જૈસે અજ્ઞાનીકો અનાદિસે એકત્વબુદ્ધિ ચલ રહી હૈ, વૈસે જ્ઞાનીકો ભેદજ્ઞાનકી પરિણતિ સહજ ચલતી હૈ, સહજ પુરુષાર્થ હૈ. બાહરમેં સબ દિખનેમેં આતા હૈ કિન્તુ ઉસકા અંતર ગ્રહણ કરે તો ઉસકી દશા પકડનેમેં આતી હૈ. સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની બાહરસે તો ગૃહસ્થાશ્રમમેં રહતા હૈ લેકિન ઉસકા અંતરંગ પરિચય હોવે તો ખ્યાલમેં આવે કિ ઉસકા હૃદય ભીતરમેં ક્યા હૈ ? જો જ્ઞાની ગૃહસ્થાશ્રમમેં હોવે ઉસકો પિછાનના મુશ્કિલ હોતા હૈ.

શ્રોતા : જેવા ભાવ કરે એવા ભાવ થાય કે જેવા થવાના હોય તેમ થાય ?

પૂજ્ય બહેનશ્રી : જીવ જેવા ભાવ કરે એવા થાય અને થવાનું હોય એમ થાય. બેય મેળવાળું છે. બેયમાંથી આત્માર્થીએ એમ જ લેવાનું કે ‘હું મારા દોષને કારણે અટકું છું. જેમ થવાનું હતું તેમ થયું’ એમ એકાંતે લેવા જશે તો એ શુષ્ક થઈ જશે. કાંઈ કરી નહીં શકે. ભગવાને જોયા તેટલા ભવ થવાના હશે એમ થાશે (એમ માને). ભગવાને એમ જોયું છે કે તું પુરુષાર્થ કરીશ તો તારા હાથમાં છે. આ આત્મા પુરુષાર્થ કરીને આત્મા તરફ વળશે. પણ પુરુષાર્થ કરનારો તો એમ જ લે કે હું (ભગવાનનું ) સાંભળું, એમ એનામાં આવે તો જ એ ફિક્સ પોતે પોતા તરફ જાય. જો એની ભાવનામાં એમ આવે કે થવાનું હશે એમ થશે એમ એકાંત લઈ જાય તો સંસાર જ થવાનો છે.

શ્રોતા : સ્વભાવને પકડવાની કળા એ જ્ઞાન દ્વારા થાય ?

પૂજ્ય બહેનશ્રી : એ જ્ઞાન દ્વારા જ થાય. જે થાય છે તે બધું જ્ઞાન દ્વારા. પણ જ્ઞાનની સાથે અંદર એટલું જ્ઞાન મુખ્ય હોવા છતાં પણ એને એટલી વિરક્તિ. અંદરથી વિરક્ત—એવો વૈરાગ્ય, એવી જિજ્ઞાસા, એટલી લગની, એટલી મહિમા બધું એની સાથે હોય છે. યથાર્થ રીતે કંઈ લાગે અને બોલવારૂપે ગ્રહણ થાય એમાં કાંઈ સાચી કળા હાથમાં આવતી નથી. અંદરથી લાગવું જોઈએ તો હાથમાં આવે.

શ્રોતા : જાણનારની પર્યાયને પણ કરવી નથી એમ કહે છે. એનો જાણનાર જ છું, એમ ને ?

પૂજ્ય બહેનશ્રી : જાણનારની પર્યાયનો પણ તું જાણનાર જ છો. એટલે એમાં ‘વ્યવહાર નથી’ એમ કહેવાનો આશય નથી પણ વસ્તુદૃષ્ટિ કરાવી છે. વસ્તુનું મૂળ સ્વરૂપ

બતાવે છે. એટલે એ પર્યાયો આત્મામાં નથી એમ નથી. તે જાણવાની પર્યાય એમાં થાતી નથી એમ નથી. એ વ્યવહાર છે બધો. પણ દૃષ્ટિ તો મુળ વસ્તુનું સ્વરૂપ બતાવે છે. તો એકલું એમ હોય તો પછી બંધના વિભાવભાવો હોય જ નહીં. તો એકલી મોક્ષની પર્યાય જ હોય. જો એમ હોય તો આ જાણવાનો સ્વભાવ જે દેખાય એ પણ એમાં જાણી શકે જ નહીં. જો જાણવાનો કોઈ ભાવ જ નથી તો એ બધી પર્યાયો છે જાણવાની. પણ દૃષ્ટિ તારા સ્વ તરફ કર, એમ કહેવું છે. સ્વ પર પ્રકાશક સ્વભાવ છે પણ દૃષ્ટિ તારા દ્રવ્ય ઉપર કર એમ કહેવું છે. આચાર્યદેવ, ગુરુદેવ બધા એક જ કહે છે કે દૃષ્ટિ તું શુદ્ધાત્મા ઉપર કર. તે તારો સ્વભાવ છે. પર્યાયો એમાં થાય છે. સાધકદશા એમાં હોય છે. સ્વ પર પ્રકાશક તારો સ્વભાવ છે. પણ દૃષ્ટિ તું પર ઉપરથી ફેરવીને એક અખંડ જ્ઞાયક પારિણામિકભાવ ઉપર દૃષ્ટિ કર. પારિણામિકભાવ એટલે એક ભાવ ઉપર એમ નહીં, પણ એક અખંડ દ્રવ્ય ઉપર દૃષ્ટિ કર એમ કહેવું છે.

શ્રોતા : અંદરથી ભાવના ઉગે કેવી રીતે ?

પૂજ્ય બહેનશ્રી : એ ઉગાડવા માટે પોતાને એટલી લગની હોય, પોતાને એટલી જરૂરિયાત જણાય કે બસ! આ કોઈ, કોઈ વસ્તુમાં એને રસ નથી. એક ચૈતન્ય તરફનો રસ લાગે. ચૈતન્યમાં અપૂર્વતા લાગે એને એની અપૂર્વતા લાગે. એના વગર પોતાને ચાલે જ નહીં. ચૈતન્યની પરિણતિ વગર કેમ ચાલે? એવું જો અંતરમાંથી થાય તો પોતાના અંતરમાંથી પરિણતિ પ્રગટ્યા વગર રહે જ નહીં. ગુરુદેવે જે માર્ગ બતાવ્યો છે એ માર્ગ વગર અંતરમાં ક્યાંય સંતોષ થાય એવું નથી. ધ્યાન કરે તો સમજ્યા વગરનું ધ્યાન અંદરથી શું એને પ્રગટે ? પ્રગટે નહીં કાંઈ. જ્ઞાનપૂર્વકનું ધ્યાન થાય તો એ સાચું ધ્યાન થાય પોતાનો સ્વભાવ ઓળખીને. શ્રીમદ્ કહે છે ને ‘તરંગરૂપ થઈ પડે છે ધ્યાન’. જ્ઞાન વગરનું ધ્યાન કેવું ?

‘જાણી રહ્યો છે એ પોતે છે’ પોતે પોતાને જાણી શકતો નથી. પોતે વિભાવમાં જે બધાનો જાણનારો છે, એ જાણનારનું અસ્તિત્વ ગ્રહણ કર. એ જાણનારનો અસાધારણ ગુણ એ જણાય છે. બાકી એમાં અનંતા અનુપમ શક્તિઓથી ભરેલો. પણ એ જ્ઞાન સ્વભાવ એનો એવો અસાધારણ છે કે એ ગ્રહણ કરી શકાય એવો છે. પણ એટલે પોતાની તૈયારી હોય તો એ ગ્રહણ કરી શકાય પણ એ ન થાય ત્યાં સુધી એની અપૂર્વતા લાગે. એ તરફ એની પરિણતિ જાય તો પણ સારું છે. એની ભાવના થાય.

શ્રોતા : સત્સંગનું માહાત્મ્ય શું છે?

પૂજ્ય બહેનશ્રી : એ પોતે પ્રતીત—અંદરથી વિચાર કરે, નિર્ણય કરે, ‘આ સ્વભાવ તે

હું અને વિભાવ સ્વભાવ તે હું નથી.' એનો યથાર્થ જેમ બહારમાં પ્રતીત કરે એવું દૃઢ ચિંતન કરવું પડે. કોઈ નિર્ણય કરવો હોય તો કોઈ માણસની પરીક્ષા કરવી હોય તો જે વિચાર કરીને જેમ નક્કી કરે છે કે બહારની જરૂરિયાત જણાય કે આમાં આપણને લાભ છે તો આની દુકાન કેવી છે? આમાં લાભ છે? તો નક્કી કરે છે, પરીક્ષાથી. એમ પોતે પરીક્ષાથી નક્કી કરે કે આ મારો સ્વભાવ છે, વિભાવ મારો સ્વભાવ નથી, એમ યથાર્થ ઓળખાણ કરે, પ્રતીત કરે, તો પોતે ઠેઠ (આત્મા) સુધી પહોંચી શકાય છે. પોતે આત્મા જ છે અનંત શક્તિથી ભરેલો છે.

**શ્રોતા : તમને આત્માની અનુભૂતિ થઈ છે તો કહો કે આપણે Ordinary માણસ હોઈએ, અને જેને આત્માની અનુભૂતિ થઈ હોય, એના જીવનમાં શું ફરક પડે?**

પૂજ્ય બહેનશ્રી : એનું જીવન બહારથી બહુ જોવું મુશ્કેલ પડે, પણ અંતરમાં એનો આત્મા ન્યારો જ રહેતો હોય. એને જે અંતરમાં વિકલ્પો થાતા હોય એનાથી ન્યારો—એનો આત્મા ન્યારો રહે, એકત્વબુદ્ધિ ન થાય. શરીર સાથે. વિકલ્પ સાથે એકત્વબુદ્ધિ ન થાય. એનો આત્મા ન્યારો ને ન્યારો. એને ક્ષણે ક્ષણે 'હું જાણનારો જ્ઞાયક છું, જ્ઞાયક છું, જ્ઞાયક છું', એવી એની સહજ ધારા ચાલતી હોય, જ્ઞાયકની ધારા અને કોઈવાર એને વિકલ્પ તૂટીને સ્વાનુભૂતિ—આત્મામાં એકાગ્ર એવો થઈ જાય કે બહારમાં શું થાય છે એવું એને ખબર ન પડે. આત્મામાં એવો લીન થઈ જાય અને એવો અનુપમ આનંદ એને આવે કે જગતમાં કોઈ વસ્તુમાં આવો આનંદ નથી. એવો અનુપમ આનંદ એને પ્રગટ થાય છે. એનો આત્મા ન્યારો ન્યારો ને કામ અંતરમાં કરતો હોય છે. એને ભેદજ્ઞાનની ધારા રહેતી હોય છે. પણ ઈ એની બોલવાના પરિચયથી એને ખ્યાલ આવે કે આ અંતરમાં આનું હૃદય ન્યારુ ને ન્યારું છે. એની દૃષ્ટિ કોઈ જુદી કામ કરે છે એની પરિણતિ કોઈ જુદી કામ કરે છે. આત્માની અનુભૂતિ કોઈ જગતમાં જે જાણી ન શકે એવો અનુપમ આત્મા છે. એની અનુભૂતિ એને થઈ છે. એવી શાંતિ ને આનંદ આ આકુળતાથી છૂટીને એવું જ્ઞાન અને એવો આનંદ સ્વભાવ—અનંત ગુણોથી ભરેલો, અનંત શક્તિઓથી ભરેલો એવો ચૈતન્યદેવ બિરાજે છે એની અનુભૂતિ એને થાય છે. પણ પુરુષાર્થ કરવાનો પોતાને રહે છે.

સમ્યગ્દર્શન વિના જ્ઞાન, ચારિત્ર અને તપમાં સમ્યક્પણું આવતું નથી; સમ્યગ્દર્શન જ જ્ઞાન, ચારિત્ર, વીર્ય અને તપનો આધાર છે. આંખોથી જેમ મોઢાને શોભા–સુંદરતા પ્રાપ્ત થાય છે, તેમ સમ્યગ્દર્શનથી જ્ઞાનાદિકમાં સમ્યક્પણું–શોભા–સુંદરતા પ્રાપ્ત થાય છે. —મોક્ષશાસ્ત્ર



# પરમાગમ શ્રી પ્રવચનસાર શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન



(ગાથા-૮૩-૮૪ ના પ્રવચનમાંથી)

## અર્હંતના સ્વરૂપને જાણતા પોતાના આત્મસ્વરૂપને જાણે છે.

હવે શુદ્ધ આત્મલાભનો લુટારો મોહ છે. તેનો સ્વભાવ અને ભેદો કહે છે. પોતાના દ્રવ્ય, ગુણ, પર્યાય વિષે જેને મૂઢતારૂપ પરિણામ છે. તેને મોહ કહે છે ને મોહથી ઘેરાયેલો જીવ રાગ-દ્વેષ પામીને ક્ષુબ્ધ થાય છે. જેવી રીતે ધતુરો પીધેલા માણસને પદાર્થોનું સાચું જ્ઞાન થતું નથી, પદાર્થો જેમ તેમ ભાસે છે, ને તે કેફમાં જેમ તેમ બોલે છે, તેવી રીતે અર્હંતનું ત્રિકાળી દ્રવ્ય, તેની જ્ઞાન, દર્શનાદિ શક્તિઓ ને કેવળજ્ઞાનાદિ પર્યાયો—એમ અર્હંતના દ્રવ્ય-ગુણ-પર્યાય જેવું જ આ આત્માનું શુદ્ધ સ્વરૂપ છે. એવું જે જીવને જ્ઞાન નથી તે મોહથી ઢંકાઈ ગયેલો છે.

સ્ત્રી, પુત્રાદિ અહિતકર છે ને દેવ-શાસ્ત્ર-ગુરુ હિતકર છે—એમ પરપદાર્થો જે જ્ઞેયો છે તેમાં બે ભાગલા પાડે છે તે જ મોહ છે. જે જીવ પરપદાર્થમાં ઈષ્ટ-અનિષ્ટ ભાવ કરે છે તે પરદ્રવ્યને સ્વદ્રવ્ય માને છે. ‘‘શરીરના સ્પર્શ, વર્ણાદિ સારાં હોય તો મને ઠીક પડે.’’—એમ જે માને છે તે પરગુણને સ્વગુણ માને છે. પરના દ્રવ્ય, ગુણ, પર્યાયમાં પોતાપણું માનીને મોહી જીવે અજ્ઞાનભાવ ઘણો દૃઢ કર્યો છે, તે જીવ પરદ્રવ્યને જ હંમેશાં ગ્રહણ કરે છે. ખરેખર પરવસ્તુ ગ્રહણ થતી નથી પણ પરવસ્તુ મારી છે. શુભાશુભ ભાવો મારા છે, ઉઘાડ જેટલો જ હું છું.’’— એમ માનીને ઉંધી માન્યતા ગ્રહણ કરી છે. પોતે આત્મા જ્ઞાનસ્વરૂપ છે એ ભૂલીને દગ્ધ ઈન્દ્રિયોને તાબે થાય છે ને પરપદાર્થોમાં ‘‘આ સારો ને આ નરસા’’ એવું દ્વૈત નથી છતાં પણ ત્યાં સારાં નરસારૂપ દ્વૈતપણું કરે છે.

અનંત જ્ઞેયો હોય તો પણ એક સરખી રીતે જણાવવાનો જ્ઞેયોનો સ્વભાવ છે ને જ્ઞાતાનો સ્વભાવ પણ એક જ પ્રકારે જાણવાનો છે તે ચૂકીને જ્ઞેયોમાં સારાં નરસાંનાં બે ભાગલા પાડે છે અને પોતાના જ્ઞાનના પણ બે ભાગલા પાડી ખંડ કરે છે તે અધર્મી ને અજ્ઞાની છે.

| શ્રી નેમપ્રભ<br>જિન-સ્તુતિ | લચ્છન વૃષભ પાંચ પિતા જાસ વીરરાય,<br>સેના પુનિ જિનમાય સુંદર સુહાવની; | વિદેહક્ષેત્રસ્થ<br>જિન-વિંશતિકા |
|---|---|---|

જ્ઞાની જીવોને સાધક અવસ્થામાં પોતાની નબળાઈના કારણે અલ્પ રાગ-દ્વેષ થાય છે, પરપદાર્થને ઠીક-અઠીક માની રાગ-દ્વેષ નથી. તેથી રાગ-દ્વેષ અવિષ્ટ છે ને પોતાનો જ્ઞાનસ્વભાવ એક જ ઈષ્ટ છે—એમ માની તે અલ્પ રાગદ્વેષને ટાળવા પ્રયત્ન કરે છે. જ્ઞાતાસ્વભાવ ઈષ્ટ છે ને પરપદાર્થ અનિષ્ટ છે એમ જ્ઞાની સમજતા નથી પણ પોતાનો જ્ઞાતાસ્વભાવ ઈષ્ટ છે ને પોતામાં થતો રાગ-દ્વેષ અનિષ્ટ છે એમ સમજે છે તેથી તેને ટાળી વીતરાગ થાય છે. જેવી રીતે ધોધમાર જળના પ્રવાહથી પુલના બે કટકા થઈ જાય છે, તેમ અજ્ઞાની મોહી જીવ જ્ઞાન ને જ્ઞેયોમાં બે ભાગલા પાડે છે ને ઠીક-અઠીક બુદ્ધિ કરી અત્યંત ક્ષોભ પામે છે, દુઃખી થાય છે.

આ રીતે, મોહ, રાગ, દ્વેષ એ ભેદોને લીધે મોહ ત્રણ પ્રકારનો છે.

હવે ત્રણ પ્રકારના મોહને અનિષ્ટ કાર્યનું કારણ કહીને તેનો નાશ કરવાનું કહે છે

અનાદિકાળથી જીવ મોહ, રાગ, દ્વેષરૂપે પરિણમે છે તેથી અનેક પ્રકારનો સંસાર ઊભો થાય છે માટે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર પ્રગટ કરી મોહ, રાગ, દ્વેષને સંપૂર્ણ રીતે નાશ કરવાયોગ્ય છે.

જેવી રીતે અરીસો બધા પદાર્થોને જેમ છે તેમ બતાવે છે, કોઈ પદાર્થને ઠીક-અઠીક કહેતો નથી તેવી રીતે આ જ્ઞાનસ્વભાવ અરીસા સમાન છે. જગતના પલટતાં પદાર્થોને જાણવાનો આત્માનો સ્વભાવ છે—તેવું જ્ઞાન નહીં હોવાના કારણે મોહી જીવનું જ્ઞાન સંકોચ પામી ગયું છે.

શરીરાદિ પરપદાર્થ મારા નથી, વિકાર તે મારું સ્વરૂપ નથી, ઉણા પર્યાય જેટલો હું નથી હું તો જ્ઞાનસ્વરૂપ છું. એમ જ્ઞાતાસ્વભાવની એકાગ્રતા કરી જ્ઞાન વિકાસ પામી કેવળજ્ઞાન પ્રગટવું જોઈએ. તેને બદલે અજ્ઞાનીનું જ્ઞાન પરમાં ઠીક—અઠીક કરી ખંડિત થઈ બિડાઈ ગયું છે.

(૧) હાથીને ઘાસના થરથી ઢંકાયેલા ખાડાનું અજ્ઞાન હોવાના કારણે તે ખાડામાં પડે છે તેમ અજ્ઞાની મોહી જીવ પાંચ ઈન્દ્રિયોના વિષયોને તાબે થઈને અજ્ઞાનને કારણે હીણા પરિણમનનો સંગ કરીને મિથ્યાભ્રાંતિના ખાડામાં પડે છે.

(૨) બનાવેલી હાથણીના ગાત્રમાં આસક્ત થઈ, સ્પર્શ લેવા જતાં હાથી ખાડામાં

નગરી અજોધ્યા ભલી નવનિધિ આવૈ ચલી,<br>
ઇન્દ્રપુરી પાંચ તલી લોકમેં કહાવની.

પડે છે તેમ અજ્ઞાની મોહી જીવ સ્ત્રી, પુત્ર, મકાન, મિત્રાદિ અનુકૂળ છે—એમ માની તે તરફ રાગ કરે છે પણ રાગરૂપી કૂટણી તેને સંસારનો બંધ કરાવે છે.

(૩) જેમ હાથીને સામે લડવા માટે બીજો હાથી મોકલવામાં આવે છે ને પેલો હાથી તેની સામે દ્વેષથી લડવા જાય છે ત્યાં તેની પાછળ બીજા માણસો આવી પહેલા હાથીને પકડી લે છે તેમ રોગી શરીરાદિ અનિષ્ટ છે, દુશ્મનો બધા હેરાન કરે છે— માનીને પ્રતિકૂળ સંયોગોને હડસેલવા માગે છે. આવી રીતે દ્વેષ કરીને મોહી જીવ સંસારનો બંધ કરે છે.

મુમુક્ષુ જીવોએ સાચા તત્ત્વનો યથાર્થ નિર્ણય કરી જ્ઞાન કરવું જોઈએ. મોહ, રાગ,દ્વેષ અનિષ્ટના કારણ છે ને પોતાનો જ્ઞાનસ્વભાવ એક જ ઈષ્ટનું કારણ છે—એમ નિર્ણય કરવો જોઈએ. સ્વરૂપના કામીએ ચિરંજીવ સદાય સુખી થઈને જીવવું હોય તો પોતાના જ્ઞાનસ્વભાવનો નિર્ણય કરી—ભાન કરવું, તે એક જ મોહ, રાગ-દ્વેષ નાશ કરવાનો ઉપાય છે.

સાચી માન્યતાથી મોહ—ભ્રાંતિ ટળે છે, જ્ઞાનથી અજ્ઞાન ટળે છે. સ્વભાવમાં સ્થિરતાથી રાગ—દ્વેષ ટળે છે. એ સાચી ક્રિયા છે.

જેમ હાથી અજ્ઞાનથી, રાગથી ને દ્વેષથી અનેક પ્રકારના બંધનને પામે છે તેમ જીવ મોહ, રાગ, દ્વેષથી અનેક પ્રકારના બંધનને પામે છે. મોહી જીવ અનુકૂળ નિમિત્તો મેળવવા ને પ્રતિકૂળ નિમિત્તો દૂર કરવા માગે છે પણ પરવસ્તુ મળવી કે ખસવી તે તેને આધીન નથી છતાં મોહ, રાગ, દ્વેષ કરે છે અને પરવસ્તુ જે જ્ઞેય છે તેમાં અનુકૂળ ને પ્રતિકૂળ એવા બે ભાગલા પાડે છે ને પોતાના જ્ઞાનમાં ખંડ કરે છે.

શ્રોતા : તો પછી સત્સમાગમ ન કરવો ?

પૂજ્ય ગુરુદેવશ્રી : સત્સમાગમની ભાવના કરવી તે ઈચ્છા, વ્યવહાર ને રાગ છે અને પોતામાં એકાગ્ર થવું તે નિશ્ચય ને ધર્મ છે. પર જીવ પાસે કોઈ જતું નથી માત્ર ભાવ કરે છે. પોતાની યોગ્યતા હોય તો નિમિત્તનો યોગ સહજ હોય છે.

શ્રોતા : 'કુગુરુનો સંગ ન કરવો'—એમ કહ્યું છે ને ?

પૂજ્ય ગુરુદેવશ્રી : 'કુગુરુની શ્રદ્ધાનો સંગ છોડ.' એવો તેનો અર્થ છે. કુગુરુની

(જુઓ અનુસંધાન પેજ નં. ૨૦ ઉપર)

**નેમિપ્રભુ નાથ વાની અમૃત સમાન માની, તિહૂઁ લોક મધ્ય જાની દુ:ખકો બહાવની;**
**ભવિજીવ પાંય લાગૈ સેવા તુમ નિત માગૈ, અબૈ સિદ્ધિ દેહુ આગૈ સુખકો લહાવની. ૧૬**

# શ્રી ઈષ્ટોપદેશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(પ્રવચન નં. ૪૬, ગાથા - ૪૧)

## ધર્મી બોલે છતાં અબોલ

શ્રી પૂજ્યપાદસ્વામી રચિત ઈષ્ટોપદેશ શાસ્ત્રની આ ૪૧મી ગાથાનો વિશદાર્થ ચાલે છે.

જેને પોતાનું હિત કરવું છે તેણે સૌ પ્રથમ દૃઢ પ્રતીતિ દ્વારા આત્માને પોતાનો વિષય બનાવવો જોઈએ. એટલે શ્રદ્ધા–જ્ઞાનમાં એવી દૃઢ પ્રતીતિ તવી જોઈએ કે હું તો શુદ્ધ જ્ઞાન અને આનંદનો પિંડ છું. ભગવાન આત્મા એક સમયમાં ચૈતન્યબિંબ જ્ઞાયક સ્વરૂપે પડ્યો છે તેને દૃઢ પ્રતીતિનો વિષય બનાવવો જોઈએ.

જેને ધર્મ કરવો છે–સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ કરવું છે તેણે શ્રદ્ધા–જ્ઞાનનો વિષય આત્માને બનાવવો જોઈએ. આત્માને જે વિષય બનાવે તેને પરદ્રવ્ય મારાં છે અને તેમાં હું ફેરફાર કરું તો થાય એવી બુદ્ધિનો નાશ થઈ જાય છે.

જે પોતાનું હિત કરવું છે તેણે પોતાના સ્વભાવની અભિમુખતા કદી છોડવી ન જોઈએ. કોઈ સંસ્કારવશ કે કમજોરીવશ કંઈક રાગ આવી જાય તોપણ તેને ભલો ન જાણતાં એક સ્વભાવને જ હિતરૂપ જાણે છે. ધર્મીને કોઈ ઉપદેશ કરવાનું કહે તો ધર્મલોભી જીવને જોઈને પોતાની નબળાઈને કારણે ઉપદેશ દેવાના ભાવ થાય અને ઉપદેશ આપે તોપણ ધર્મીને સ્વભાવની અભિમુખતા છૂટતી નથી અને ઉપદેશના શબ્દો કે રાગની અભિમુખતા–સન્મુખતા થતી નથી.

જેમ કોઈ દરિદ્રતાની ઈચ્છા કરતું નથી છતાં આવી પડે તેમ ધર્મીને કદાચિત્ રાગ આવી જાય છે પણ તેને ઈચ્છા નથી. તે રાગના સ્વામી થતા નથી. તેથી ધર્મી બોલે છે છતાં બોલતા નથી, બોલવા તરફ તો ધર્મીનો ઝુકાવ–સન્મુખતા–અભિમુખતા નથી પણ બોલવાના વિકલ્પ તરફ પણ ધર્મીનો ઝુકાવ નથી. ઝુકાવ તો એક પોતાના નિધાન તરફ જ છે માટે તે બોલે છે છતાં અબોલ છે.

જેમ કોઈ જંગલમાં ગયો હોય ને પાંચ કરોડનો ચરુ ખ્યાલમાં આવી જાય તો

| શ્રી વીરસેન જિન-સ્તુતિ | મહા બલવંત, બડે ભગવંત, સૌવૈ જિય-જંત સુતારનકૌ,<br>પિતા ભુવપાલ, ભલો તિન ભાલ લહ્યો નિજલાલ ઉધારનકો; |
|---|---|

કોઈ ન જોઈ જાય એમ ઢાંકીને પાછો આવે પણ તેનું લક્ષ તો ત્યાં જ હોય કે ક્યારે હું એ ચરુ કાઢીને લઈ આવું. તેમ ધર્મીએ અનંતગુણનું નિધાન પોતાનો સ્વભાવ જોઈ લીધો છે. હું જ અનંત જ્ઞાન–દર્શન, સ્વચ્છતા, પ્રભુતા આદિ અનંતગુણનો રાશિ છું એવી શ્રદ્ધા અને જ્ઞાનદર્શન વર્તે છે તેથી ધર્મીનું લક્ષ તો એક જ છે કે હું ક્યારે મારા સ્વભાવમાં એકાગ્ર થઈને નિધાન ખોલી નાખું! આમ ધર્મીને નિરંતર આત્મસન્મુખતા જ રહે છે.

આહાહા! જગતને મોહે કેવું લૂંટી લીધું છે કે આ કરું ને તે કરું... પણ અરે ભાઈ! એક આંખ પાંપણ ઊંચી-નીચી કરવી એ પણ તારું કાર્ય નથી. એ જડ રજકણની સ્વતંત્ર અવસ્થા છે અને વિકલ્પ ઉઠે છે તે પણ તે સમયનો ઉપાધિભાવ છે, સ્વભાવ નથી. તેથી જેને સ્વભાવની દૃષ્ટિ થઈ છે તેને વિકલ્પમાં રુચિ થતી નથી.

પોતાના જ્ઞાયકસ્વભાવની દૃષ્ટિ થઈ છે તેવા ધર્મીને આત્મજ્ઞાન સિવાય બીજા કાર્યોમાં ઉપયોગ જાય તોપણ ત્યાં લાંબો સમય ટકતો નથી. કમજોરીવશ જાત્રા, પૂજા, ભક્તિ આદિના ભાવ આવી જાય છે પણ તેની અભિમુખતા થતી નથી. ભગવાન જેના ભરોંસામાં આવી ગયો તેને બીજે ક્યાં રુચિ લાગે?

શ્રોતા : વ્યવહાર પહેલાં હોય કે નિશ્ચય પહેલાં હોય?

પૂજ્ય ગુરુદેવશ્રી : પહેલાં નિશ્ચય હોય પછી વ્યવહાર હોય. સ્વાશ્રય તે નિશ્ચય છે તેના વગર પરાશ્રયરૂપ વ્યવહાર ક્યાંથી હોય! નિશ્ચયનું લક્ષ સ્વસન્મુખ છે અને વ્યવહારનું લક્ષ પરસન્મુખ છે તો પરસન્મુખતા કરે તો પછી સ્વસન્મુખતા થાય એમ કદી બની શકે! દાદરા ઉપર ચડવું હોય તો પહેલાં ભોંયતળિયે ઉતરે પછી ઉપર ચડાય એવું કદી હોય?

જીવોને ધર્મ તો કરવો છે પણ ધર્મી એવો આત્મા કેવો છે તેની ઓળખાણ વગર ધર્મ ક્યાંથી થાય? બહિર્મુખની લાગણી તો જીવને અનાદિથી છે જ. તેનાથી તો કદી પોતાનું હિત થયું નથી–સ્વભાવ ખ્યાલમાં આવ્યો નથી, તો પછી પહેલા પરાશ્રિત વ્યવહાર હોય પછી સ્વાશ્રિત નિશ્ચય થાય એ વાત કેમ બને? વસ્તુની સ્થિતિ એવી છે જ નહીં. પહેલાં તો સ્વાશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ નિશ્ચય ધર્મ પ્રગટ કરે ત્યારે જ્યાં સુધી પૂર્ણતા ન થાય ત્યાં સુધી ચારિત્રની વિપરીતતામાં દયા-દાન-પૂજા આદિનો

પુંડરી સુ વાસહિ રાવન પાસ, કહૈ તુમ દાસ ઉધારનકો,
વીરસેનરાય ભલી ભાનુમાય, તારો પ્રભુ આય વિચારનકો. ૧૭

રાગ પરાશ્રિતભાવ આવ્યા વિના રહેતો નથી. તે રાગને વ્યવહાર કહેવાય છે. પરસમય ઉપાધિભાવ-બંધભાવ પણ તેને જ કહેવાય છે.

સ્વાશ્રિત દૃષ્ટિ પ્રગટ થયા પછી પૂર્ણતા ન થાય ત્યાં સુધી પરાશ્રિત એવો વ્યવહાર આવ્યા વગર રહેતો નથી પણ તે દોષરૂપ છે તેનો ધર્મીને ઉત્સાહ ન હોય.

શ્રોતા : વ્યવહારને પ્રયોજનવાન કહ્યો છે ને ?

પૂજ્ય ગુરુદેવશ્રી : વ્યવહારને જાણેલો પ્રયોજવાન કહ્યો છે. આદરવા માટે પ્રયોજનવાન નથી કહ્યો.

બાપુ ! તારી ઋદ્ધિ એવી મહાન છે કે તેને વાણીમાં કહી શકાય તેમ નથી પણ એવી ઋદ્ધિની તને ખબર નથી. તું બહારમાં ઝાંવા નાખે છે. આમ ઝાંવાં નાખતાં અનંતકાળ ચાલ્યો ગયો પણ કદી સુખ મળ્યું નહીં. સમયસાર ૪૧૩ ગાથામાં કહ્યું છે કે જીવો અનાદિથી અનાદિરૂઢ, વ્યવહારમૂઢ, નિશ્ચય અનારૂઢ છે.

સ્વાશ્રય તે જ મુક્તિનું કારણ છે, પરાશ્રિત વ્યવહાર તો બંધનું કારણ છે છતાં અજ્ઞાનીની દૃષ્ટિમાં એમ છે કે કાંઈક મને પર પ્રત્યે ભાવ હોય તો મારું હિત થાય. આવી દૃષ્ટિ હોય ત્યાં સુધી સ્વાશ્રિતતા આવે નહિ અને હિત થાય નહીં. બહુ સીધી અને સરળ વાત છે પણ લોકોએ તેને અઘરી માની લીધી છે.

શ્રોતા : સ્વાશ્રિત નિશ્ચય અને પરાશ્રિત વ્યવહાર બંને એક સમયમાં જ છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી : બંને એક સમયમાં જ છે. સ્વનો આશ્રય લઈને જેટલાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ કર્યા તેટલી સંવર-નિર્જરા છે અને જેટલી પરાશ્રિતતા છે તેટલો રાગ છે, તે વ્યવહાર છે. આમ નિશ્ચય સંવર-નિર્જરા અને વ્યવહાર-રાગ બંને એક સમયમાં જ સાધકને હોય છે.

ભગવાન કહે છે કે તું સઘળોય વ્યવહાર છોડી દે. બંધ અધિકારમાં આચાર્ય કહે છે કે ભગવાને પરદ્રવ્યને મારી-જીવાડી શકું છું એવો મિથ્યા-અધ્યવસાયરૂપ વ્યવહાર છોડાવ્યો છે તેમાં અમે તો કહીએ છીએ કે ભગવાને પરાશ્રિત એવો સઘળો વ્યવહાર છોડાવ્યો છે એટલે વ્યવહારની સન્મુખતા જ છોડાવી છે. (ક્રમશઃ) ❋

| શ્રી મહાભદ્ર જિન-સ્તુતિ | મહાભદ્ર સ્વામી તુમ નામ લિયે, સીઝે સબ કામ વિચારનકે,<br>પિતા દેવરાજ ઉમાદે માય, ભલી વિજયા નિસતારનકે, |
|---|---|



# અધ્યાત્મ સંદેશ

(રહસ્યપૂર્ણ ચિઠ્ઠી ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

## સ્વાનુભવરૂપ શ્રુતજ્ઞાનની અચિંત્ય તાકાત

‘‘ચોથા ગુણસ્થાનવાળાને મતિ–શ્રુતરૂપ સમ્યગ્જ્ઞાન છે, અને તેરમા ગુણસ્થાને કેવળરૂપ સમ્યગ્જ્ઞાન છે. વળી એકદેશ–સર્વદેશનું તો એટલું જ અંતર છે કે, મતિશ્રુતજ્ઞાનવાળા અમૂર્તિક વસ્તુને પરોક્ષ, અને મૂર્તિક વસ્તુને પણ પ્રત્યક્ષ કે પરોક્ષ કિંચિત્ અને અનુક્રમપૂર્વક જાણે છે, જ્યારે કેવળજ્ઞાન સર્વથા સર્વને યુગપત્ જાણે છે. તે (મતિ–શ્રુત) પરોક્ષ જાણે છે ને આ (કેવળજ્ઞાન) પ્રત્યક્ષ જાણે છે, એટલો જ વિશેષ (તફાવત) છે. પણ જો સર્વ પ્રકારે એક જ જાતિ કહીએ તો જેમ કેવળજ્ઞાની યુગપત, પ્રત્યક્ષ, અપ્રયોજનરૂપ, (સર્વ) જ્ઞેયોને નિર્વિકલ્પપણે જાણે છે તેમ આ મતિ–શ્રુતજ્ઞાની પણ જાણે,–પરંતુ એમ તો નથી. તેથી તેમાં પ્રત્યક્ષ–પરોક્ષનો વિશેષ જાણવો.

‘અષ્ટસહસ્રી’માં કહ્યું છે કે—

स्याद्वादकेवलज्ञाने सर्वतत्त्वप्रकाशने ।
भेद साक्षात् असाक्षात् च ह्यवस्त्यन्यतमं भवेत् ।।१०-१०५।।

તેના અર્થ–સ્યાદ્વાદ એટલે કે શ્રુતજ્ઞાન અને કેવળજ્ઞાન એ બંને સર્વ તત્ત્વોને પ્રકાશનારાં છે; વિશેષ એટલો કે કેવળજ્ઞાન પ્રત્યક્ષ છે અને શ્રુતજ્ઞાન પરોક્ષ છે. પરંતુ વસ્તુપણે તેઓ ભિન્ન નથી.’’

જુઓ, આમાં તેરમા ગુણસ્થાનનું કેવળજ્ઞાન અને ચોથા ગુણસ્થાનનું શ્રુતજ્ઞાન એ બંનેની એક જાતિ કઈ રીતે છે તે બંનેમાં તફાવત કયા પ્રકારે છે તે સંબંધી સ્પષ્ટતા કરી છે.

જેમ અંશી ને તેનો અંશ જુદા નથી તેમ કેવળજ્ઞાન ને શ્રુતજ્ઞાન વસ્તુપણે જુદા નથી. જેમ કેવળજ્ઞાન અને રાગ એ બંનેની તો જાત જ જુદી છે, પરંતુ તેમ કાંઈ કેવળજ્ઞાન અને શ્રુતજ્ઞાનની જાત જુદી નથી; સમકિતી પણ શ્રુતજ્ઞાન વડે કેવળ શુદ્ધ આત્માને અનુભવતા હોવાથી પરમાર્થે તેને ‘શ્રુત–કેવળી’ કહ્યા છે. જો ‘શ્રુત’ વિશેષણ લક્ષમાં ન લ્યો તો કેવળ–એકલું જ્ઞાન જ રહે છે. આ રીતે શ્રુતજ્ઞાનીનું જ્ઞાન અને કેવળજ્ઞાનીનું જ્ઞાન એ બંનેની જાત

શશિ સૈવે આય, લગૈ તુમ પાય ભલે જિનરાય ઉધારનકે,
કિરપા કરિ નાથ ગહો હમ હાથ, મિલૈ જિન સાથ તિહારનકે. ૧૮

એક જ છે. વળી સમ્યક્ શ્રુતજ્ઞાનના અંશો વધી વધીને કેવળજ્ઞાનમાં ભળે છે, એટલે તે કેવળજ્ઞાનના જ અંશો છે; જ્ઞાનસ્વભાવની જાતના તે અંશો છે, એ કાંઈ પરને અવલંબીને પ્રગટ્યા નથી, સ્વભાવને અવલંબીને પ્રગટ્યા છે. એ રીતે તેમને એક જાતિપણું હોવા છતાં તેમાં વિશેષતા પણ છે. કેવળજ્ઞાનની જેવી દિવ્ય અચિંત્ય સંપૂર્ણ તાકાત છે એવી તાકાત શ્રુતજ્ઞાનમાં નથી. શ્રુતજ્ઞાન કરતાં કેવળજ્ઞાનનું સામર્થ્ય અનંતગણું વધી જાય છે. જો જાતિની માફક સામર્થ્યમાં પણ બંને સરખાં હોત તો કેવળજ્ઞાનની જેમ શ્રુતજ્ઞાન પણ સર્વ પદાર્થોને પ્રત્યક્ષ એકસાથે વિકલ્પ વગર જાણી લેત. પણ બધા પદાર્થોને એ પ્રત્યક્ષ જાણી શકતું નથી, એક સાથે પણ જાણી શકતું નથી, ને પરજ્ઞેયોને વગર પણ જાણી શકાતું નથી. અમેરિકામાં શું થાય છે ને રશિયામાં શું થાય છે—એવી અપ્રયોજનરૂપ વસ્તુને જાણવા જાય ત્યાં શ્રુતજ્ઞાનમાં વિકલ્પ થયા વગર રહેતા નથી, જ્યારે કેવળજ્ઞાન તો અપ્રયોજનરૂપ પદાર્થોને પણ વિકલ્પ વગર સાક્ષાત્ જાણે છે. શ્રુતજ્ઞાનીને સ્વમાં ઉપયોગ જોડાયેલો હોય ત્યારે પરનો ખ્યાલ રહેતો નથી, પણ કેવળી પ્રભુ તો સ્વ પર બધાને એક સાથે જાણી લે છે. અનંતકાળ પહેલાંની કે પછીની પર્યાયોને ભિન્ન ભિન્નપણે શ્રુતજ્ઞાન જાણી નથી શકતું, જ્યારે કેવળજ્ઞાન તો ત્રણેકાળને પહોંચી વળે છે, કોઈ પડદો વગેરે એને નડતું નથી. મતિશ્રુતજ્ઞાન તો અમુક પદાર્થોને જ પ્રત્યક્ષ કે પરોક્ષ જાણે છે, અમૂર્ત—ધર્માસ્તિકાય વગેરેને તે પ્રત્યક્ષ નથી જાણી શકતું, જેટલા પદાર્થોને જાણે છે તેને પણ એક સાથે નથી જાણી શકતું પણ ક્રમેક્રમે જાણે છે, અને તેમાં પણ તેના બધા ધર્મોને નથી જાણતું પણ અમુક ધર્મોને જ જાણી શકે છે, જ્યારે કેવળજ્ઞાનની તો સંપૂર્ણ તાકાત ઊઘડી ગઈ હોવાથી એને બધા જ્ઞેયો એક સાથે સંપૂર્ણ પ્રત્યક્ષ સર્વ પ્રકારે જણાય છે. આ રીતે કેવળજ્ઞાનમાં ને મતિશ્રુતજ્ઞાનમાં પ્રત્યક્ષ—પરોક્ષનો જે ભેદ છે તેમજ સામર્થ્યમાં પણ જે ફેર છે તે જાણવો જોઈએ.

પરંતુ આત્માનો સ્વાનુભવ કરવામાં એ ભેદ નડતો નથી. શ્રુતજ્ઞાન ભલે અલ્પ સામર્થ્યવાળું હોય છતાં અંતર્મુખ થઈ, વિકલ્પ તોડીને સ્વસંવેદન—પ્રત્યક્ષથી આત્માને અનુભવે છે; એવા અનુભવના બળે અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાનને પણ સાધી લ્યે છે. શુદ્ધ આત્મા વગેરે પ્રયોજનભૂત તત્ત્વોને તો જેવા કેવળીભગવાને જાણ્યા તેવા જ શ્રુતજ્ઞાની જાણે છે, તેમાં વિપરીતતા નથી. ભલે કેવળજ્ઞાન જેવી અનંત પડખાંની સ્પષ્ટતા શ્રુતજ્ઞાનમાં ન હોય પણ વિપરીતતા તો નથી. શ્રુતજ્ઞાને પણ બધા જ પદાર્થોના

| શ્રી દેવજસ જિન સ્તુતિ | જિન શ્રી દેવજસ સ્વામી, પિતા શ્રવભૂત ભનિજ્જૈ,<br>લચ્છન સ્વસ્તિક પાંવ, નાંવ તિહું લોક ગુણિજ્જૈ; |
|---|---|

સ્વભાવનો (ઉત્પાદ—વ્યય—ધ્રુવસ્વભાવ, અસ્તિ—નાસ્તિસ્વભાવ વગેરે સ્વભાવનો) કેવળજ્ઞાન અનુસાર પરોક્ષ નિર્ણય કરી લીધો છે કે જગતના બધા પદાર્થોનો સ્વભાવ આવો હોય. કેવળી ભગવાન બધા પદાર્થોની અવસ્થા ક્રમબદ્ધ થવાનું જાણે ને શ્રુતજ્ઞાની તેનાથી વિપરીત (અક્રમે થવાનું) જાણે—એમ બનતું નથી; કેવળી ભગવાન એમ જાણે કે વીતરાગભાવ તે ધર્મ છે ને શ્રુતજ્ઞાની એમ જાણે કે શુભરાગ તે ધર્મ છે—એમ વિપરીતતા હોતી નથી. માર્ગ તો જેવો કેવળી ભગવાને જાણ્યો તેવો જ શ્રુતજ્ઞાની જાણે છે, તેમાં રંચ પણ ફેર નથી.

આ રીતે કેવળજ્ઞાન અને સમ્યક્ મતિશ્રુતજ્ઞાન એક જાતના હોવાથી મતિશ્રુતજ્ઞાન કેવળજ્ઞાનનો પણ નિર્ણય કરી શકે છે. 'મને સ્વાનુભવ થયો કે નહિ અથવા હું ભવ્ય છું કે નહિ, તે કેવળી જાણે, આપણને એની ખબર ન પડે''—આવાં વચન જ્ઞાનીનાં હોય નહીં. પોતાના સ્વસંવેદનપ્રત્યક્ષના બળે જ્ઞાની તો નિઃશંક (કેવળજ્ઞાની જેટલો જ નિઃશંક) જાણે છે કે મને મારા આત્માનો સ્વાનુભવ થયો, ભવકટ્ટી થઈ ગઈ, અને ભવ્ય તો છું જ પણ અત્યંત નિકટ ભવ્ય છું, આત્માનો આરાધક થયો છું ને પ્રભુના માર્ગમાં ભળ્યો છું. હવે અમારે આ ભવભ્રમણમાં રખડવાનું હોય નહિ. આમ અંદરથી આત્મા પોતે જ સ્વાનુભવના પડકાર કરતો જવાબ આપે.

પ્રશ્ન :—અજ્ઞાની પણ કેવળજ્ઞાનનો સમ્યક્ નિર્ણય કરી શકે કે નહીં?

ઉત્તર :—ભાઈ, કેવળજ્ઞાનનો સમ્યક્નિર્ણય કરતાં અજ્ઞાન રહે નહિ; કેમકે કેવળજ્ઞાનનો નિર્ણય તેની જાતના અંશ વડે જ થાય છે, તેનાથી વિરુદ્ધ ભાવ વડે કેવળજ્ઞાનનો નિર્ણય થાય નહિ. રાગવડે કે અજ્ઞાનવડે કેવળજ્ઞાનનો આવો નિર્ણય થાય નહીં. સામાન્યપણે તે ભલે કેવળજ્ઞાનીને સ્વીકારતો હોય પણ જો તેનું સાચું સ્વરૂપ ઓળખીને સ્વીકારે તો તે અજ્ઞાની રહે નહીં. એ જ વાત પં. ટોડરમલ્લજીએ મોક્ષમાર્ગપ્રકાશકમાં પણ કહી છે : 'અર્હંતદેવના કોઈ વિશેષણો તો પુદ્ગલાશ્રિત છે ને કોઈ વિશેષણ જીવાશ્રિત છે, તેને અજ્ઞાની ભિન્ન ભિન્ન ઓળખતો નથી...જે બાહ્ય વિશેષણો છે તેને જાણી તેનાથી અરહંતદેવનું મહાનપણું માને છે, પણ જીવનાં જે વિશેષણો છે તેને યથાવત્ ન જાણતાં એ વડે અરહંતદેવનું મહાનપણું માત્ર આજ્ઞાનુસાર માને છે, અથવા અન્યથા પણ માને છે; જો જીવનાં યથાવત્ વિશેષણો જાણે તો મિથ્યાદષ્ટિ રહે નહિ.'

પાવહિ ભવિજન પાર, માત ગંગા સુખધારહિં,
નગર સુસીમા જન્મ આય, મિથ્યામતિ ટારહિં,

શંકા :—કોઈ જીવ અરહંતાદિનું શ્રદ્ધાન કરે છે, તેના ગુણોને ઓળખે છે છતાં તેને તત્ત્વશ્રદ્ધાનરૂપ સમ્યક્ત્વ હોતું નથી; માટે જેને અરહંતાદિકનું સાચું શ્રદ્ધાન હોય તેને તત્ત્વશ્રદ્ધાન અવશ્ય હોય જ—એવો નિયમ સંભવતો નથી.

સમાધાન :—તત્ત્વશ્રદ્ધાન વિના અરહંતાદિકના છેંતાલીસ આદિ ગુણો તે જાણે છે, ત્યાં પર્યાયાશ્રિત (–દેહાશ્રિત) ગુણોનું પણ જાણપણું હોતું નથી, કારણ કે જીવ–અજીવની ભિન્ન જાતિ ઓળખ્યા વગર અરહંતાદિકના આત્માશ્રિત અને શરીરાશ્રિત ગુણોને તે ભિન્ન ભિન્ન જાણતો નથી. જો જાણે તો તે પોતાના આત્માને પરદ્રવ્યથી ભિન્ન કેમ ન જાણે? એ જ પ્રવચનસાર ગા. ૮૦માં કહ્યું છે કે...જે અરહંતને દ્રવ્યત્વ ગુણત્વ અને પર્યાયત્વ વડે જાણે છે તે આત્માને જાણે છે અને તેનો મોહ નાશને પ્રાપ્ત થાય છે....અરહંતાદિકનું સ્વરૂપ તો આત્માશ્રિત ભાવો વડે તત્ત્વશ્રદ્ધાન થતાં જ જણાય છે. માટે જેને અરહંતાદિકનું સાચું શ્રદ્ધાન હોય તેને તત્ત્વશ્રદ્ધાન અવશ્ય હોય જ—એવો નિયમ જાણવો.

જુઓ, આ અરહંતાદિકને ઓળખવાની રીત! ‘અરહંતાદિક’ કહ્યું એટલે મુનિ કે સમ્યગ્દષ્ટિ વગેરે ધર્માત્માના સ્વરૂપને જો તેમના આત્મિકલક્ષણોથી ખરેખર ઓળખે તો તેને ભેદજ્ઞાન અને સમ્યગ્દર્શન જરૂર થાય જ. પણ એ ઓળખાણની રીત રાગથી પાર છે. રાગમાં ઊભો રહીને એ ઓળખાણ થતી નથી, જ્ઞાનભાવમાં રહીને એ ઓળખાણ થાય છે. આ રીતે કેવળજ્ઞાનના સ્વરૂપનો નિર્ણય કરનારું જ્ઞાન પણ કેવળજ્ઞાનની જાતનું જ થઈ જાય છે. એ સ્વાનુભવજ્ઞાનનું સ્વરૂપ ઘણા પ્રકારે સ્પષ્ટ કર્યું તથા સ્વાનુભૂતિ વખતનો વિશેષ મહિમા સમજાવ્યો. ❀ ❀ ❀

---

(અનુસંધાન પેજ નં. ૧૩ થી ચાલુ) (પ્રવચનસાર પ્રવચન)

શ્રદ્ધા છોડી સુગુરુનો રાગ કરવો તે શુભરાગ છે, પણ સુગુરુથી લાભ માનવો તે મિથ્યાત્વ છે. ગુરુથી લાભ થાય—તેમ માનનારે ચૈતન્યથી લાભ થાય—એમ ન માન્યું. પોતે સમજે તો ગુરુને નિમિત્ત કહેવાય.

પોતે જ્ઞાતાસ્વભાવી છે, નબળાઈને લીધે રાગ-દ્વેષ થાય છે ને નિમિત્ત ઉપર લક્ષ જાય છે, પણ રાગને લીધે અનુકૂળ નિમિત્ત મળતું નથી ને દ્વેષને લીધે પ્રતિકૂળ નિમિત્ત ટળતું નથી—એમ મોક્ષાર્થી જીવ માને છે અને રાગ-દ્વેષને ટાળવાનો પુરુષાર્થ કરે છે. જે જીવ એમ માને છે કે મારા જ્ઞાનનું વિસામાસ્થાન નિમિત્તમાં છે તે ઘાસથી ભરેલા ઉંડા ખાડા ઉપર ચાલવા જાય છે. અજ્ઞાની જીવ જ્ઞાનતત્ત્વની રુચિ છોડી નિમિત્તની રુચિ કરી મિથ્યાત્વના ખાડામાં પડે છે. (ક્રમશઃ) ❋



# અનુભવપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(ગતાંકથી આગળ)

લાખો રૂપિયાનાં દાન કરીને, ઉપવાસ આદિ તપશ્ચર્યા કરીને ધર્મ માને છે અને હરખ કરે છે. વ્રતાદિ લઈને ધર્મ માની ખુશી થઈ જાય છે. તેમાં આત્માનું કલ્યાણ માની એ બધી ક્રિયા કરીને પોતાને ધન્ય માને છે તે મૂઢ છે, તેને આત્માના ધર્મની ખબર નથી, મિથ્યાત્વને દ્રઢ કરે અને તેમાં ધર્મ માને છે, તે હરખી હરખીને સંસારમાં રખડે છે. આહારનાં ગ્રહણ—ત્યાગ મારામાં છે જ નહિ, લક્ષ્મી આદિ મારાથી પર છે એમ જાણતો નથી, આહારદાન કરે ત્યાં સાધુને અધઃકર્મી અને ઉદ્દિષ્ટ આહાર આપે અને પોતાને ધન્ય માને પણ જે સાધુ અધઃકર્મી અથવા ઉદ્દિષ્ટ આહાર લે છે તે નિશ્ચય-વ્યવહાર બંને પ્રકારે સાધુ નથી એમ તે જાણતો નથી તેથી સંસારમાં રખડે છે.

મુનિની દશા તો એવી હોય છે કે પોતાના માટે આહાર બનાવ્યો છે એવી શંકા પડે તો તે આહાર છોડી દે. અજ્ઞાનીને એની ખબર નથી. જુઓ ! અજ્ઞાનીએ ધીઠાઈ કેવી પકડી છે ? નિજનિધિ અનંત સુખદાયક તેને કોણ સંભારે છે ? માટે એ જ જીવોને શ્રીગુરુપદેશામૃત પીણું યોગ્ય છે, એનાથી મોહ ઘટે છે તથા અનુભવ પ્રગટે છે તે હવે કહે છે.

સંસારમાં જીવ રખડે છે અને પહેલાં દેશનાલબ્ધિ હોવી જોઈએ એમ કહે છે. પોતાની મેળે શાસ્ત્ર વાંચીને કોઈ ધર્મ પામી જાય—એમ નથી. સત્સમાગમ કરવો એ વાત લીધી છે. અનાદિ-સંસારી મિથ્યાદૃષ્ટિ પહેલાં જ્ઞાની પાસે શુદ્ધ આત્મતત્ત્વની વાત સાંભળે અને અંતરમાં ઊતારે ત્યારે તેને મોહનો નાશ થાય છે અને આત્માનો અનુભવ પ્રગટે છે. પાત્રતા હોય ત્યાં યોગ્ય જીવને જ્ઞાનીની દેશનાલબ્ધિ મળે જ છે. દેશનાલબ્ધિ વિના માત્ર શાસ્ત્ર ભણવાથી કે અજ્ઞાનીના ઉપદેશથી કદી પણ સમ્યગ્જ્ઞાન થાય નહિ, એવો નિમિત્તનૈમિત્તિક સહજ સ્વતંત્ર વસ્તુનો સ્વભાવ છે.

**પ્રભુ દેહિં ધરમ ઉપદેશ નિત સદા બૈન અમૃત ઝરહિં;**
**તિન ચરણકમલ વંદન કરત, પાપપુંજ પંકતિ હરહિં. ૧૯**

જેને ધર્મ કરવો હોય ને શાંતિ જોઈતી હોય તેણે આત્માની પ્રતીતિ કરવી જોઈએ. આત્માના આનંદનો અનુભવ થવો તેને અનુભવપ્રકાશ કહે છે. આત્મા શુદ્ધ ચિદાનંદ છે—તેની પ્રતીતિ કરી આનંદ લેવો તેને ધર્મ કહે છે.

પ્રથમ શું કરવું ? શ્રી જિનેન્દ્રદેવની આજ્ઞાની પ્રતીતિ કરો. કુદેવાદિને માનવા તે જિનેન્દ્રદેવની આજ્ઞા નથી. જેમાં સાચા દેવ—ગુરુ—શાસ્ત્રનું, નવ તત્ત્વાદિનું યથાર્થ વર્ણન હોય તે યથાર્થ શાસ્ત્ર છે. સર્વજ્ઞભગવાન પ્રણીત તત્ત્વ વિચારે, જિનેન્દ્રદેવના ઉપદેશ મુજબ ગુરુ ઉપદેશ આપે છે ને તે ઉપદેશ બરાબર સાંભળે. ભગવાને ક્યા તત્ત્વો ગ્રહણ કરવા યોગ્ય કહ્યા છે ? ચેતનપ્રકાશ અનંત સુખધામ છે, દેહ જડ છે, પુણ્ય-પાપભાવ હેય છે. ભગવાન આત્મામાં જ્ઞાનપ્રકાશ છે, તે અનંતસુખનું ધામ છે. ભગવાન આત્મા મળરહિત છે. ત્રિકાળ દ્રવ્ય એક સમયના સંસારથી રહિત છે, તે જ શાંતિનું કારણ છે. આવો ચિદ્‌ઘન આત્મારામ ઉપાદેય છે, નિમિત્ત અને વિકાર રહિત આત્મા ઉપાદેય છે. અહીં તો વિકારને પણ સ્વભાવની અપેક્ષાએ પર કહેલ છે. જેને શાંતિ જોઈતી હોય તેણે પોતાના ચિદાનંદ આત્માને માનવો જોઈએ. આત્મા પર પદાર્થોથી ને રાગાદિથી રહિત છે, શરીર, કર્મ આદિ આત્મામાં નથી તો પછી શરીર, કર્મ આત્માને શું કરે ? વળી પર્યાયમાં થતા શુભાશુભ પરિણામ તે વિકાર છે માટે હેય છે ને શુદ્ધ આત્મા ઉપાદેય છે, હું શુદ્ધ ચિદાનંદ છું એમ ભેદજ્ઞાન કરવું. આમ ભેદજ્ઞાનથી સ્વરૂપની પ્રાપ્તિ થાય તે સમ્યગ્દર્શન છે. ક્રિયાકાંડ, દાન, પૂજા, ભક્તિ ધર્મ નથી પણ પુણ્ય છે, ધર્મ તો સ્વાશ્રયરૂપ નિર્વિકલ્પ વીતરાગ પરિણતિ છે.

અજ્ઞાની જીવ પુણ્યથી ધર્મ માની હરખ માને છે અને પુણ્યથી મોટો લાભ માને છે ને સંતુષ્ટ થાય છે પણ તે બધો ભ્રમભાવ છે. સ્વ—પર ભેદવિજ્ઞાન કરવું તે ધર્મ છે. તેનો નિરંતર અભ્યાસ કરવો. હું જ્ઞાનસ્વરૂપ છું એવી પ્રાપ્તિ અનુભવમાં થાય.

શરીર જડ છે, શરીરની અવસ્થા શરીરને આધીન છે, આત્મા તેનો કર્તા નથી. જે જીવ નિમિત્તથી લાભ અથવા પ્રભાવ માને અથવા કર્મના ઉદયથી પોતામાં વિકાર માને તેને પરથી અથવા કર્મથી ભેદજ્ઞાન કરવાની તાકાત નથી, તેનામાં વિકારથી ભેદજ્ઞાન કરવાની તાકાત નથી. ભગવાન સાક્ષાત્ હોય કે પ્રતિમા હોય, સમ્મેદશિખર હોય કે શેત્રુંજય હોય—બધાં પર છે, તેનાથી ધર્મ નથી. કષાયમંદતા કરે તો પુણ્ય થાય,

**શ્રી અજિતવીર્ય જિન-સ્તુતિ**

વર્તમાન જિનદેવ પદ્મ, લચ્છન તિન છાજૈ,
અજિતવીર્ય અરહંત, જગતમેં આપ વિરાજૈ;

પરથી પુણ્ય પણ નથી. નિમિત્તથી લાભ–નુકશાન નથી. રાગથી લાભ નથી. પોતે જ્ઞાનસ્વભાવી છે–એમ નિરંતર અભ્યાસ કરવો. રાગથી પર્યાયમાં નુકશાન થાય છે પણ રાગથી ત્રિકાળી સ્વભાવમાં લાભ–નુકસાન નથી. સંસારનો ઔદયિકભાવ પારિણામિકભાવમાં પેસી જતો નથી.

શ્રી નિયમસારમાં ચાર ભાવો–ઔદયિક, ઔપશમિક, ક્ષાયોપશમિક અને ક્ષાયિકને આવરણવાળા કહ્યા, વિભાવ કહ્યા ને પરિહાર કરવા યોગ્ય કહ્યા. ચારે ભાવો દ્વારા આત્મા જાણી શકાય એવો નથી. ચારે ભાવો પર્યાય છે. તેનો આશ્રય લેવાથી આત્મા ગમ્ય થતો નથી. પર્યાય ભેદરૂપ છે, તેથી ભેદનું લક્ષ છોડાવવા અભેદનું લક્ષ કરાવવા એમ કહ્યું છે. ભેદના લક્ષથી વિકલ્પ ઊઠે છે.


સાધક જીવને પૂર્ણ ક્ષાયિકભાવ પ્રગટ નથી. જે નથી તેનો વિચાર કરવાથી વિકલ્પ ઊઠે છે. માટે તે પરિહાર કરવા યોગ્ય છે–એમ કહ્યું છે.

તત્ત્વાર્થસૂત્રમાં રાગ–દ્વેષ, ગતિ આદિ ઔદયિકભાવને સ્વતત્ત્વ કહેલ છે. કેમકે તે તે પરિણામ અશુદ્ધ ઉપાદાનથી જીવ પોતે કરે છે, કર્મ કરાવતું નથી. તે બતાવવા સ્વતત્ત્વ કહેલ છે. અહીં ચારે ભાવોને વિભાવભાવ કહ્યા છે, કેમકે એ ચારે પર્યાયો છે, ભેદ છે. ભેદના આશ્રયે ધર્મ થતો નથી માટે તે આદરણીય નથી, તેના આશ્રયે રાગની ઉત્પત્તિ થાય છે. પારિણામિક ચિદાનંદભાવના આશ્રયે ધર્મ થાય છે–એમ અર્થ જેમ છે તેમ સમજવો જોઈએ.


અહીં સાધકજીવ વિચાર કરે છે કે ચૈતન્યતત્ત્વ ઉપાદેય કરી ચૈતન્ય તત્ત્વની પ્રાપ્તિ કરે તો રાગદ્વેષ મટે. સાધકદશામાં ભક્તિ આદિ ભાવ થાય છે, દયા–દાનાદિ તથા પ્રભાવનાના ભાવ ઊઠે છે પણ જ્ઞાની તેને હેય સમજે છે. દૃષ્ટિ તો સ્વભાવ સન્મુખ છે ને રાગનો નાશ કરવાનો પ્રયત્ન છે.

સ્વ તથા પરનું યથાર્થ જ્ઞાન કરવું જોઈએ, તેથી રાગદ્વેષ મટે છે. આત્મામાં પર પદાર્થનાં ગ્રહણ-ત્યાગ નથી. આત્મા પરપદાર્થનાં ગ્રહણ–ત્યાગ કરી શકે છે એમ માનવું તે જ મિથ્યાત્વ છે. પૈસા આત્મા ખર્ચી શકતો નથી. જડની પર્યાયનો આત્મા કર્તા–હર્તા નથી. આત્મા જાણનાર છે એમ પ્રથમ પ્રતીતિ કરવાથી ધર્મ થાય છે. (ક્રમશઃ)

પદ્માસન ભગવંત ધ્યાન ઇક નિશ્ચય ધારહિ,<br>આવહિ સુરનરવૃંદ, તિન્હૈં ભવસાગર તારહિ,




## શ્રી છ ઢાળા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન



(ત્રીજી ઢાળ ગાથા ૪-૫-૬)

### જીવતત્ત્વ અને તેના ભેદોનું વર્ણન

પરમાત્મપદને સાધનારા મુનિવરોની દશા પણ અદ્ભુત હોય છે....જાણે નાનકડા ભગવાન! મુનિની સૌમ્યમુદ્રામાં તો વીતરાગતાની ઝલક વર્તે છે....ઉપશમરસમાં એમનો આત્મા ઝૂલી રહ્યો છે. છઠ્ઠા ગુણસ્થાન વખતે તેમને મધ્યમ—અંતરાત્મા કહ્યા, પણ જ્યારે તેઓ મુનિ થયા ત્યારે પ્રથમ તેમને શુદ્ધોપયોગમાં સાતમું ગુણસ્થાન પ્રગટ્યું હતું એટલે કે ઉત્તમ અંતરાત્માપણું થયું હતું. પછી શુભ ઉપયોગમાં આવતાં તેમને મધ્યમ કહ્યા. પરંતુ શુભરાગને જે મોક્ષમાર્ગ માને છે એટલે રાગાદિ વિભાવોને જ નિજસ્વભાવ માને છે, એવા સમ્યગ્દર્શન વગરના જીવો તો બંધમાર્ગમાં જ છે, મોક્ષના માર્ગને તેઓ જાણતા નથી.

સમ્યગ્દષ્ટિએ સર્વજ્ઞ પરમાત્માને શ્રદ્ધામાં લીધા છે. સર્વજ્ઞતાને પામેલા જીવો જગતમાં છે, અને મારો આત્મા પણ એવી તાકાતવાળો છે—એમ ધર્મી જાણે છે. પરમ એટલે ઉત્કૃષ્ટ પર્યાયરૂપે પરિણમેલા આત્મા તે પરમાત્મા છે. એવા પરમાત્મા અત્યારે આ ભરતક્ષેત્રમાં થતા નથી, પણ વિદેહક્ષેત્રમાં સીમંધરભગવાન વગેરે લાખો જીવો એવા પરમાત્માપણે અત્યારે પણ સાક્ષાત્ વિચરે છે. અહીં રહીને પણ એવા સર્વજ્ઞપરમાત્માની ઓળખાણ થઈ શકે છે. સર્વજ્ઞપદની જેને શ્રદ્ધા નથી તે તો બહિરાત્મા છે ને ગૃહીતમિથ્યાદૃષ્ટિ છે.

“जो जो देखी वीतरागने सो सो होसी वीरा रे” એમ નક્કી કરવામાં પણ સર્વજ્ઞપદનો સ્વીકાર આવી જાય છે. સર્વજ્ઞની ઓળખાણ વગર કોઈ વાત કરે તો તે સાચી નથી.

અહા, જેને આત્માનું સંપૂર્ણ જ્ઞાન છે, સંપૂર્ણ સુખ છે, અને રાગનો સંપૂર્ણ અભાવ છે—એવી ઉત્કૃષ્ટ પર્યાયવાળા સર્વજ્ઞભગવાન છે—એનો સ્વીકાર સમ્યગ્દષ્ટિ જ કરે છે; બાહ્યદૃષ્ટિવાળા જીવને (રાગદૃષ્ટિવાળા જીવને) પરમાત્મા કેવા હોય તેની ખબર

નગર અજોધ્યા જન્મ જિન, માત કનનિકા ઉરધરન;
તસ ચરનકમલ વંદત ભવિક જૈ જૈ જિન આનંદકરન. ૨૦

નથી. સર્વજ્ઞનો સ્વીકાર એ તો અપૂર્વ તત્ત્વજ્ઞાન છે, તે તો ધર્મનો મૂળ પાયો છે. સર્વજ્ઞતા કહો કે આત્માનો જ્ઞાનસ્વભાવ કહો, તેની ઓળખાણ વગર ધર્મની શરૂઆત થતી નથી.

સાતતત્ત્વમાંથી એક જીવ તત્ત્વને બરાબર જાણતાં તેની પર્યાયના આ બધા પ્રકારો તેમાં સમાઈ જાય છે. 'સર્વજ્ઞ' એટલે એક સમયમાં બધાને અતીન્દ્રિયજ્ઞાનવડે પ્રત્યક્ષ જાણનારા, અને છતાં જેને રાગ–દ્વેષ નથી, કોઈ સંકલ્પ–વિકલ્પ નથી, જાણવામાં થાક નથી, નિરાકુળ આનંદ છે. અહા, આવું પરમાત્મપણું—તે આત્માની જ એક દશા છે.

શરીર હોય છતાં આવું સર્વજ્ઞપણું હોય?

હા; શરીર શરીરમાં છે, ભગવાનને કાંઈ એનું મમત્વ નથી. જેમ શરીરનો સંયોગ હોવા છતાં શરીરથી ભિન્ન આત્માનો અનુભવ થાય છે, તેમ સર્વજ્ઞતા પણ થઈ શકે છે. જગતમાં આવા સર્વજ્ઞપરમાત્મા છે અને મારા આત્મામાં પણ એવું સામર્થ્ય છે—એમ સમ્યગ્દષ્ટિ બરાબર (સ્વાનુભવપૂર્વક) જાણે છે. જેને સર્વજ્ઞના અસ્તિત્વનો વિશ્વાસ ન હોય તેને આત્માના જ્ઞાનસ્વભાવનો જ વિશ્વાસ નથી.

નિશ્ચય સમ્યગ્દર્શનમાં તો ધર્મી જીવ નિર્વિકલ્પપણે શુદ્ધ આત્મતત્ત્વમાં જ 'અહં'પણાની પ્રતીત કરે છે; અને તે સમ્યગ્દર્શન સાથેની જ્ઞાનપર્યાયમાં એટલી તાકાત છે કે આવા સર્વજ્ઞપરમાત્માને પણ તે નિર્ણયમાં લઈ લ્યે છે. અંતરમાં પોતાનો શુદ્ધ આત્મા તો નિર્ણયમાં લીધો છે, ને તેની ઉત્કૃષ્ટ પર્યાયરૂપે પરિણમેલા પરમાત્મા કેવા હોય તે પણ નિર્ણયમાં આવી ગયું છે. શુદ્ધદ્રવ્યની શ્રદ્ધા કરે તે તાકાતની તો શી વાત! પણ તેની સાથે રાગથી જુદું પડેલું જે જ્ઞાન છે તે જ્ઞાનના વ્યવહારમાં પણ એટલી તાકાત ઊઘડી ગઈ છે કે પરમાત્માને તે જાણી લ્યે છે; બહિરાત્મા, અંતરાત્મા ને પરમાત્મા ત્રણેને તે જાણી લ્યે છે. દ્રવ્યરૂપ શુદ્ધ આત્મા, ને તેની પર્યાયરૂપ ત્રિવિધ આત્મા, તેનું સ્વરૂપ સમ્યગ્દષ્ટિ જેમ છે તેમ જાણે છે. સમસ્ત લોકાલોકને અને ત્રણ કાળને એક સમયમાં જ્ઞાનનું જ્ઞેય બનાવે એવી મહાન અચિંત્ય તાકાત કેવળજ્ઞાનમાં છે; અહીં આખું જ્ઞાન છે તો સામે આખું જ્ઞેય એક સાથે નિમિત્ત છે. બસ, જ્ઞાનમાં સર્વ જ્ઞેયો સ્થિર થઈ ગયા, જ્ઞાન જ્ઞાનમાં સ્થિર થઈ ગયું, ક્યાંય કર્તૃત્વબુદ્ધિ કે ફેરફારની બુદ્ધિ કે રાગ–દ્વેષવૃત્તિ ન રહી.—આવી દશાવાળા સર્વજ્ઞને સમ્યગ્દષ્ટિ જાણે છે, એટલી તો તેની વ્યવહારશ્રદ્ધાની તાકાત છે; પરમાર્થશ્રદ્ધા નિર્વિકલ્પ છે તે તો પોતાના આત્માને જ

**વર્તમાન વીસી કરી, જિનવર વંદન કાજ;**
**જે નર પઢૈં વિવેકસોં, તે પાવહિં શિવરાજ. ૨૧**

પરમેશ્વરપણે અનુભવમાં લ્યે છે;—તેની તાકાતની તો શી વાત! આવી શ્રદ્ધા થાય ત્યારે જીવમાં મોક્ષનો માર્ગ ઊઘડે.

જુઓ, સાચી શ્રદ્ધા કરવા માટે જીવતત્ત્વનું આ વર્ણન ચાલે છે. નિશ્ચયથી તો જ્ઞાયકતત્ત્વ એક અખંડ શુદ્ધ છે તે જીવ છે, વ્યવહારમાં તેના ત્રણ પ્રકાર છે. શાસ્ત્રસ્વાધ્યાયમાં આવા તત્ત્વોનું ઘોલન કરતાં કરતાં, એટલે કે જ્ઞાનને એકાગ્ર કરતાં કરતાં જ્ઞાનમાં વિશેષ સ્પષ્ટતા થતી જાય છે. તેથી વીતરાગમાર્ગમાં કહેલા તત્ત્વોનું વારંવાર મનન કરવા જેવું છે.

સિદ્ધપરમાત્મા—જેમને શરીર નથી, મન નથી, ઇંદ્રિયો નથી, રાગ નથી, છતાં કેવળજ્ઞાન છે. આવા સિદ્ધપરમાત્માને ઓળખતાં એમ નક્કી થાય છે કે આત્માનું જ્ઞાન શરીર–મન–ઇંદ્રિયો કે રાગને આધીન નથી. સિદ્ધપરમાત્મા તો જ્ઞાનશરીરી છે; જ્ઞાન જ આત્માનું અંગ છે કે જે કદી આત્માથી જુદું પડતું નથી. તેથી કહ્યું કે—

ज्ञानशरीरी त्रिविध-कर्ममलवर्जित सिद्धमहन्ता ।
ते हैं निकल-अमल-परमातम भोगें शर्म अनंता ।।

જ્ઞાનશરીરી ચૈતન્યમય સિદ્ધભગવંતો સદાકાળ અનંત આત્મિકસુખને ભોગવે છે. એવા સિદ્ધને લક્ષમાં લઈને સાધક કહે છે કે—

'ચેતનરૂપ અનુપ અમૂરત સિદ્ધસમાન સદા પદ મેરો.'

—આમ પોતાના આત્મતત્ત્વની પ્રતીત સહિત પરમાત્માને જાણે છે. એકલા પરલક્ષથી જાણે તે સાચું જ્ઞાન નથી.

આ જગતમાં સૌથી શ્રેષ્ઠ સિદ્ધભગવંતો છે; આત્માના અનંત આનંદને તેઓ ભોગવે છે, આખા વિશ્વને જાણે છે; ઔદારિકાદિ પુદ્ગલ શરીરો તેમને નથી તેથી તેઓ દેહાતીત, અશરીરી છે, પણ પોતાના જ્ઞાનાદિ ગુણોમાં તન્મય હોવાથી તેઓ જ્ઞાનશરીરી છે. જ્ઞાન જ આત્માનું જીવન છે; આત્મા શરીરના સંયોગ વગર, આયુકર્મ વગર, પોતાના જ્ઞાનથી જ શાશ્વત જીવનારો છે. આવું જીવન જીવનારા સિદ્ધભગવંતો મહંત છે, ભવનો અંત કરીને તેઓ મહંત થાય છે ને અનંત સુખને ભોગવે છે. મહાન આત્માને જાણનારા સમ્યગ્દ્રષ્ટિજીવોને પણ મહંત–મહાત્મા કહેવાય છે, પણ આ સિદ્ધભગવાન તો જગતમાં સૌથી મોટા મહંત છે. (ક્રમશઃ) ❊

**સીમંધર જુગમંદ્ર બાહુ ઓ સુબાહુ, સંજાત સ્વયંપ્રભુ નાંવ તિહું પન ધ્યાઈયે;**
**ઋષભાનન અનંતવીર્ય વિશાલ સૂરપ્રભ, વજધરનાથકે ચરણ ચિત્ત લાઈયે.**

# શુદ્ધ જ્ઞાયકસ્વભાવનું ધ્યાન

આત્મા દેહથી જુદો, જ્ઞાનસ્વરૂપ છે. તેનું જ્ઞાન ક્યાંક પર લક્ષે પુણ્ય-પાપમાં અટકે તે વિકાર છે. અનાદિથી પોતાના સ્વભાવને ભૂલીને રાગ-દ્વેષ શરીર-મન-વાણી વગેરેમાં પોતાપણાની માન્યતા કરી છે, તેનું નામ મિથ્યાત્વ અને અધર્મ છે. તે ઊંધી માન્યતા કેમ ટળે તેની વાત આચાર્યદેવે સમજાવી છે.

જાણનારો આત્મા શરીરથી તદ્દન જુદો છે, તેના સ્વભાવમાં વિકાર નથી, પણ તે સ્વભાવને ભૂલીને પુણ્ય-પાપમાં જ પોતાનું સ્વરૂપ માનીને તે ચોરાશીના અવતારમાં રખડે છે. ચૈતન્યને ચૂકીને અનાદિથી ઊંધું ધ્યાન કર્યું છે એટલે કે પરમાં જ રોકાણો છે ને પર લક્ષે થતા પુણ્ય-પાપને પોતાનો સ્વભાવ માન્યો છે. પુણ્ય-પાપમાં એકાગ્રતા તે મિથ્યાધ્યાન છે. પુણ્ય-પાપરહિત આત્માના શુદ્ધ જ્ઞાયકસ્વભાવનું ધ્યાન પૂર્વે અનંતકાળમાં એક સેકંડ પણ કર્યું નથી. હું ચૈતન્યસ્વભાવ છું—એમ ઓળખીને તેમાં જ જ્ઞાન રોકાય તે ધર્મધ્યાન છે—તે આત્મધ્યાન છે. જો એક સેકંડ પણ એવું ધ્યાન કરે તો મુક્તિ થયા વિના રહે નહિ.

શરીરાદિની ક્રિયાઓ જડની છે, તે જડની ક્રિયાને હું કરું એમ માનવું તે ચૈતન્યમૂર્તિ આત્માનું અજ્ઞાન એટલે કે મિથ્યાધ્યાન છે. જેમ અરિસાની સ્વચ્છતા પોતાને અને પરને જણાવે છે, તેમ આત્માનો ચૈતન્યસ્વભાવ સ્વપર—પ્રકાશક અરીસો છે, તેમાં બધું જણાય છે. પણ, જેમ પોતાના પ્રતિબિંબરૂપે જણાતાં પદાર્થોને અરીસો પોતાનાં માનીને પકડી રાખતો નથી, તેમ જ્ઞાનદર્પણમાં શરીર-મન-વાણી દેવ—શાસ્ત્ર—ગુરુ વગેરે પદાર્થો જ્ઞેયપણે જણાય એવો તેનો સ્વભાવ છે, પણ તે શરીરાદિને પોતાનાં માને કે તેમાં ફેરફાર કરે એવો જ્ઞાનદર્પણનો સ્વભાવ નથી. આવા જ્ઞાનસ્વભાવવાળા શુદ્ધ આત્માને જાણીને જ તેમાં પ્રવૃત્તિ કરે છે તેને તેનું ધ્યાન હોય છે, ને તે ધ્યાનમાં એક શુદ્ધ આત્માનું જ અનુભવન પ્રસિદ્ધ છે; તેથી તેને અનાદિનો મોહ નાશ પામી જાય છે. જે જ્ઞાન આત્મસ્વભાવ તરફ વળીને ઠર્યું તે જ્ઞાનમાં એક ભગવાન આત્માની જે પ્રસિદ્ધિ છે તે મોહનો અભાવ છે. જ્ઞાનની સ્વમાં એકાગ્રતા તેનું નામ સમ્યક્ધ્યાન છે ને એવું ધ્યાન કરનારને મોહની ઉત્પત્તિ થતી નથી એટલે અનાદિનો મોહ છૂટી જાય છે.



# પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા

પ્રશ્ન :—સમ્યક્ શ્રદ્ધા અને અનુભવમાં શું ફેર છે?

ઉત્તર :—સમ્યક્ શ્રદ્ધાન–પ્રતીતિ તે શ્રદ્ધાગુણની પર્યાય છે ને અનુભવ તે ચારિત્ર ગુણની પર્યાય છે.

પ્રશ્ન :—ઉપશમ સમ્યક્ થઈને છૂટી જાય ને મિથ્યાત્વમાં આવી જાય તેને ખ્યાલમાં આવે કે મને સમ્યક્ થયું હતું?

ઉત્તર :—હા, સમ્યક્ છૂટી જાય પછી થોડો વખત ખ્યાલમાં રહે, પછી લાંબો વખત થાય તો ભૂલી જાય.

પ્રશ્ન :—દર્શનપાહુડ ગાથા ૨૧ માં કહ્યું છે કે હે જીવ! તું સમ્યગ્દર્શનને અંતરંગભાવથી ધારણ કર, અહીં બતાવેલ અંતરંગભાવ તથા બહિરંગભાવનો પણ અર્થ સ્પષ્ટ કરશો?

ઉત્તર :—અંતરસ્વભાવના આશ્રયે પરિણતિ પ્રગટ કરવી તે અંતરંગભાવ છે, એવી પરિણતિ અંશે પ્રગટ કરવી તે સમ્યગ્દર્શન છે. નવતત્ત્વની શ્રદ્ધા વગેરે રાગભાવ છે, તે અંતરંગભાવ નથી પણ બહિરંગભાવ છે, એટલે કે તેનાથી સમ્યગ્દર્શન થતું નથી. બહારના લક્ષે જે કોઈ ભાવ થાય તે બધોય બહિરંગભાવ છે. આત્મસ્વભાવ શુદ્ધ ચૈતન્યમય છે તેના અંતરના અંગોમાંથી પરિણતિ પ્રગટ કર. આ જડ શરીરમાંથી સમ્યગ્દર્શન પ્રગટવાનું નથી, તેમ જ દેવ-શાસ્ત્ર-ગુરુમાંથી કે નવતત્ત્વના વિકલ્પમાંથી પણ તારું સમ્યગ્દર્શન પ્રગટવાનું નથી. માટે તે બધાનું લક્ષ છોડીને તારા ચૈતન્યરૂપી શરીરમાંથી સમ્યગ્દર્શન કાઢ. જે પુણ્ય-પાપના પરિણામ થાય તે તારું ચૈતન્યઅંગ નથી પણ કાર્મણઅંગ છે. વ્યવહાર સમ્યગ્દર્શન પણ કાર્મણઅંગ છે, ચૈતન્યને ચૂકીને કર્મના સંબંધે જે ભાવ ઉત્પન્ન થાય તે બહિરંગભાવ છે, તે અંતરંગભાવ નથી, અને તેમાંથી સમ્યગ્દર્શનની ઉત્પત્તિ નથી.

‘અંતરંગભાવ’ કહીને આચાર્યદેવે બધા પરભાવોનો નિષેધ કર્યો છે. શરીરાદિની ક્રિયા તો જડ છે અને વ્રત, તપ, પૂજા, ભક્તિ, પડિમા વગેરેનો શુભરાગ તે બહિરંગભાવ છે—વિકાર છે, તેનાથી આત્મકલ્યાણ થતું નથી. માટે તે જડની ક્રિયામાં અને બહિરંગભાવોમાં એકત્વબુદ્ધિ છોડીને (અર્થાત્ પરભાવોમાં આત્મબુદ્ધિ છોડીને) એકલા આત્મસ્વભાવનો આશ્રય કરવો તે અંતરંગભાવ છે અને એવા ભાવથી સમ્યગ્દર્શન પ્રગટ થાય છે, તે જ આત્માનું કલ્યાણ છે.

**બાળ વિભાગ**

## કપિલ બ્રાહ્મણની કથા

વનવાસ દરમ્યાન વનમાં ભ્રમણ કરતાં સીતાજીને તરસ લાગી અને તેઓ આગળ વધતા એક ગામમાં આવ્યા અને કપિલ બ્રાહ્મણને ઘરે આવ્યા, બ્રાહ્મણીએ સીતાજીને પાણી આપ્યું એટલી વારમાં કપિલ બ્રાહ્મણ આવ્યો અને રામચંદ્રજી આદિને અપશબ્દો કહ્યા તેથી સીતાજીએ કહ્યું આવા ક્રોધીના ઘરમાં નથી રહેવું અને તેઓએ વન તરફ પ્રયાણ કર્યું, વર્ષાઋતુનો સમય હતો, રસ્તામાં એક વડની મોટી બખોલ જોઈ તે ઘર જેવી લાગતી હતી માટે ત્યાં રોકાણા. ત્યાં એક દંભકર્ણ નામનો યક્ષ રહેતો હતો. તેણે આવા તેજસ્વી પુરુષોને દેખીને પોતાના સ્વામીને વાત કરી તેણે આવીને અવધિજ્ઞાનથી જાણી લીધું કે આ બળભદ્ર—નારાયણ છે માટે તેમના પ્રતિ વાત્સલ્ય થયું અને ક્ષણમાત્રમાં તેઓ જ્યાં સૂતા હતા ત્યાં એક મનોજ્ઞ નગરીનું નિર્માણ કર્યું યક્ષાધિપતિએ રામ માટે નગરીનું નિર્માણ કર્યું હોવાથી તે રામપુરી કહેવાણી. સવારે બ્રાહ્મણ જ્યારે લાકડા લેવા વનમાં ગયો તો સુંદર નગરી જોઈ અને રસ્તામાં એક યક્ષીણી પૂછ્યું કે આ નગરીના રાજાને કઈ રીતે મળી શકું અને યક્ષિણના કહ્યા અનુસાર તેણે મુનિરાજ પાસે જઈને ધર્મશ્રવણ કર્યું અને શ્રાવકના વ્રત અંગીકાર કર્યા અને ઘરે આવીને બ્રાહ્મણીને ધર્મનું સ્વરૂપ સમજાવ્યું ને ગુરુ પાસે લઈ જઈને શ્રાવિકાના વ્રત અપાવ્યા...

એક દિવસ તે બ્રાહ્મણીને ધર્મની અભિલાષી જાણીને કહેવા લાગ્યો, હે પ્રિયે! શ્રીરામનાં દર્શન માટે રામપુરી કેમ ન જવું? રામ મહાપરાક્રમી, નિર્મળ ચેષ્ટાવાળા, કમળનયન, સર્વ જીવો પ્રત્યે દયાળુ, ભવ્ય જીવો પર વાત્સલ્ય રાખનારા છે. આશાવાન પ્રાણીઓની આશા પૂરી કરનાર, દરિદ્રી અને પેટ ભરવાને અસમર્થ જીવોને દારિદ્રના સમુદ્રમાંથી પાર ઉતારનાર અને સંપદા પ્રાપ્ત કરાવનાર છે. આવી તેમની કીર્તિ પૃથ્વી પર ફેલાયેલી છે માટે હે પ્રિયે! ઊઠ, ભેટ લઈને જઈએ, હું નાના બાળકને મારા ખભા ઉપર લઈ લઈશ.

બ્રાહ્મણીને આમ કહીને અને તેમ કરીને બેય આનંદથી ભરેલા, ઉજ્જ્વળ વેશથી શોભતા રામપુરી ચાલ્યાં. તેમના માર્ગમાં ભયાનક નાગકુમાર નજરે પડ્યા, વિકરાળ વદનવાળા, અટ્ટહાસ્ય કરતા વ્યંતરો દેખાયા. આ પ્રકારનું ભયાનક રૂપ જોઈને એ બંને નિષ્કંપ હૃદયે આ પ્રમાણે ભગવાનની સ્તુતિ કરવા લાગ્યા : હે જિનેશ્વર! આપને અમારા નિરંતર મન-વચન-કાયાથી નમસ્કાર હો. આપ ત્રિલોકવંદ્ય છો, સંસારના કીચડમાંથી પાર ઉતારો છો, પરમ કલ્યાણ આપો છો, આમ સ્તુતિ કરતાં બંને ચાલ્યા જાય છે. એમને જિનભક્ત જાણીને યક્ષ શાંત થઈ ગયા.

એ બંને જિનાલયમાં ગયા. 'જિનમંદિરને નમસ્કાર હો' એમ બોલી, બેય હાથ જોડી, ચૈત્યાલયની પ્રદક્ષિણા કરી, અંદર જઈને સ્તુતિ કરવા લાગ્યા : હે નાથ! કુગતિને આપનારા મિથ્યામાર્ગ ત્યજીને ઘણા દિવસે આપનું શરણ લીધું છે. હું અતીતકાળના,

**ચંદ્રાનન ચન્દ્રબાહુ શ્રી ભુજંગમ ઈશ્વર, નેમિપ્રભુ વીરસેન વિદ્યમાન પાઈયે;**
**મહાભદ્ર દેવજસ અજિતવીરજ 'ભૈયા', વર્તમાન–વીસકો ત્રિકાલ સીસ નાઈયે. ૨૨**

વર્તમાનકાળના અને ભવિષ્યકાળના ચોવીસ તીર્થંકરોને વંદન કરું છું. પાંચ ભરત, પાંચ ઐરાવત અને પાંચ વિદેહક્ષેત્ર, આ પંદર કર્મભૂમિમાં જે તીર્થંકરો થઈ ગયા, અત્યારે છે અને હવે થશે તે બધાને અમારા નમસ્કાર હો. જે સંસારસમુદ્રથી તરે અને બીજાને તારે એવા શ્રી મુનિસુવ્રતનાથને નમસ્કાર હો, તેમનો યશ ત્રણ લોકમાં પ્રકાશી રહ્યો છે. આ પ્રમાણે સ્તુતિ કરી, અષ્ટાંગ દંડવત્ કરી, બ્રાહ્મણ પત્ની સાથે શ્રીરામના દર્શને ગયો. માર્ગમાં મોટા મોટા મહેલો બ્રાહ્મણીને બતાવ્યા અને કહ્યું : આ કુંદનના પુષ્પ સમાન ઉજ્જવળ, સર્વ કામના પૂર્ણ કરનાર નગરીના મધ્યમાં રામના મહેલ છે, જેનાથી આ નગરી સ્વર્ગ સમાન શોભે છે. આ પ્રમાણે વાત કરતો બ્રાહ્મણ રાજમહેલમાં ગયો.

તે દૂરથી લક્ષ્મણને જોઈને વ્યાકુળ બન્યો, મનમાં વિચારવા લાગ્યો કે મેં અજ્ઞાનીએ આ નીલકમળ સમાન પ્રભાવાળા શ્યામસુંદરને દુષ્ટ વચનોથી દુઃખ આપ્યું હતું, ત્રાસ આપ્યો હતો, પાપી જીભે કાનને કર્કશ લાગે એવાં વચન કહ્યાં હતાં. હવે શું કરું? ક્યાં જાઉં? પૃથ્વીના છિદ્રમાં પેસી જાઉં. હવે મને કોનું શરણ છે? જો હું જાણતો હોત કે આ અહીં નગર વસાવીને રહ્યા છે તો હું દેશત્યાગ કરીને ઉત્તર દિશામાં ચાલ્યો જાત. આમ વિકલ્પ કરતો બ્રાહ્મણ બ્રાહ્મણીને છોડીને ભાગ્યો. લક્ષ્મણે તેને જોઈ લીધો હતો. પછી હસતાં હસતાં રામને કહ્યું કે પેલો બ્રાહ્મણ આવ્યો છે અને મને જોઈને મૃગની જેમ વ્યાકુળ બનીને ભાગે છે. રામે કહ્યું કે તેને વિશ્વાસ ઉપજાવીને અહીં તરત લઈ આવો. પછી થોડાક માણસો દોડ્યા, તેને દિલાસો આપી તેડી લાવ્યા. ધ્રૂજતો ધ્રૂજતો તે પાસે આવ્યો, પછી ભય ત્યજીને બેય ભાઈઓ આગળ ભેટ મૂકીને 'સ્વસ્તિ' શબ્દ બોલીને સ્તુતિ કરવા લાગ્યો.

(ક્રમશઃ) ❊

## પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્ન તથા ઉત્તર

(આપેલ વિકલ્પમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા ભરો)

(૧) ............થી જ વસ્તુના યથાર્થ સ્વરૂપની ઓળખાણથી જ અનાદિકાળથી રાગદ્વેષ સાથે એકાકારરૂપે પરિણમતો આત્મા ભિન્નપણે અનુભવમાં આવે છે.

(શાસ્ત્ર અભ્યાસ, જ્ઞાન, તત્ત્વવિચાર)

(૨) પૂજ્ય ગુરુદેવશ્રી કહેતા કે આ........... શાસ્ત્ર આગમોનું પણ આગમ છે, લાખો શાસ્ત્રોનો નિચોડ એમાં રહેલો છે, સાધકની એ કામધેનુ છે, ચૌદ પૂર્વનું રહસ્ય એમાં સમાયેલું છે. (પંચાસ્તિકાય, સમયસાર, તત્ત્વાર્થસૂત્ર)

(૩) છટ્ઠાથી ................ ગુણસ્થાન સુધી મુનિદશા હોય છે.

(ચૌદમા, અગિયારમા, બારમા)

(૪) પૂજ્ય ગુરુદેવશ્રી શુદ્ધાત્માનો અપાર મહિમા બતાવતા કહે છે કે સ્વભાવ–સામર્થ્ય અપેક્ષાએ વર્તમાનમાં જ તું ............. છો. (દેવ, પરમાત્મા, ચૈતન્ય ચક્રવર્તી)

(૫) કેવળજ્ઞાન ઉત્પન્ન થયા પછી ચાર અઘાતિકર્મોમાં......... કર્મની સ્થિતિ અલ્પ હોય તો કેવળી સમુદ્‌ઘાત થાય છે. (આયુ, વેદનીય, ગોત્ર)

(૬) સુવર્ણપુરી સોનગઢથી આત્મધર્મ માસિક વિ.સં. ................ ની સાલમાં માગશર માસમાં પ્રથમ પ્રકાશનની શરૂઆત થયેલ. (૨૦૦૦, ૨૦૦૨, ૨૦૦૫)

(૭) ૪૭ શક્તિમાં–જેનો પ્રતાપ અખંડિત છે એવા સ્વાધિનતાથી શોભાયમાનપણું જેનું લક્ષણ છે તે ................ શક્તિ છે. (વિભુત્વ, પ્રભુત્વ, ચિતિ)

(૮) શ્રાવકની અગિયાર પ્રતિમામાં નવમી પ્રતિમાને ધારણ કરનાર ............. શ્રાવક કહેવાય છે. (ઉત્તમ, મધ્યમ, જઘન્ય)

(૯) ................ ગુણસ્થાનના અંતમાં સર્વઘાતિકર્મોનો નાશ થઈ જાય છે. (બારમા, ચૌદમા, અગિયારમાં)

(૧૦) અપ્રત્યાખ્યાન કષાયનો વાસનાકાળ ................ સુધી ટકી રહે છે. (પંદર દિવસ, અંતર્મુહૂર્ત, છ મહિના)

(૧૧) અનંતાનુબંધી કષાયનો ઉદય........... ગુણસ્થાન સુધી હોય છે. (બીજા, પહેલા, ત્રીજા)

(૧૨) જિનેન્દ્રદેવના દર્શનનો મહિમા બતાવતી ................ ની કથા પ્રસિદ્ધ છે. (મનોવતી, રેવતીરાણી, સુદર્શન શેઠ)

(૧૩) જ્યારે જીવ, આત્મા અને આસ્રવોનો તફાવત અને ભેદને જાણે ત્યારે તેને ............. થતો નથી. (પાપભાવ, કષાય, બંધ)

(૧૪) પૂજ્ય બહેનશ્રીનાં વચનામૃત બોલ નં. ૧૩૮માં આવે છે કે ‘‘ભેદજ્ઞાન માટે તીખી રુચિ જ કામ કરે છે, જ્ઞાયક, જ્ઞાયક, જ્ઞાયક એની જ રુચિ હોય તો ............. નું વલણ થયા વિના રહે નહીં.’’ (આત્મા, પુરુષાર્થ, દ્રવ્યદૃષ્ટિ)

(૧૫) દેવદત્તનું મકાન એમ કહેવું એ ................ વ્યવહાર નયનું કથન છે. (અનુપચરિત અસદ્‌ભૂત, ઉપચરિત અસદ્‌ભૂત, ઉપચરિત સદ્‌ભૂત)

(૧૬) પદાર્થોમાં વિશેષપણું કર્યા વિના અર્થાત્ વિકલ્પ કર્યા વિના પદાર્થોનું સામાન્યરૂપથી ગ્રહણ તેને ............. કહે છે. (જ્ઞાન, દર્શન, ચૈતન્ય)

(૧૭) રાગાદિના ઉદયમાં જે એકાકારરૂપ પરિણમતો નથી પરંતુ, આ પુદ્‌ગલ કર્મરૂપ રાગના વિપાકરૂપ ઉદય છે, એ મારો ભાવ નથી, હું તો એક જ્ઞાયકભાવ છું એમ ................ અનુભવે છે. (મિથ્યાદૃષ્ટિ, કેવળજ્ઞાની, સમ્યગ્દૃષ્ટિ)

(૧૮) સત્ લક્ષણવાળું દ્રવ્ય .............. હોવાથી સ્વતંત્ર છે.
(અસ્તિત્વગુણવાળું, સ્વતઃસિદ્ધ, પરિપૂર્ણ સામર્થ્યવાળું)

(૧૯) જેમ ચિત્રકાર અનેક પ્રકારનાં ચિત્રો બનાવે છે તેમ ........... કર્મના નિમિત્તે મનુષ્ય, દેવ આદિ અવસ્થાઓ થાય છે. (ગોત્ર, નામ, આયુ)

(૨૦) જેમ અગ્નિની એક નાની ચિનગારી વિશાળ વનને બાળી દે છે તેમ સમ્યગ્દર્શન-રૂપી ચિનગારી ક્ષણમાત્રમાં અનંત.......... ને ભસ્મ કરી દે છે. (દુઃખ, મોહ, કર્મ)

## પ્રૌઢ માટેના આપેલ પ્રશ્નોના ઉત્તર

| | | | |
|---|---|---|---|
| (૧) જ્ઞાન | (૬) ૨૦૦૦ | (૧૧) બીજા | (૧૬) દર્શન |
| (૨) સમયસાર | (૭) પ્રભુત્વ | (૧૨) મનોવતી | (૧૭) સમ્યગ્દષ્ટિ |
| (૩) બારમા | (૮) મધ્યમ | (૧૩) બંધ | (૧૮) સ્વતઃસિદ્ધ |
| (૪) પરમાત્મા | (૯) બારમા | (૧૪) પુરુષાર્થ | (૧૯) નામ |
| (૫) આયુ | (૧૦) છ મહિના | (૧૫) ઉપચરિત અસદ્ભૂત | (૨૦) કર્મ |


### આત્મધર્મ (ગુજરાતી) માસિક-પત્ર સંબંધી માહિતી

## ફોર્મ નં. ૪, નિયમ નં. ૮

| | | |
|---|---|---|
| સમાચાર પત્રનું નામ | : | આત્મધર્મ |
| પ્રકાશન તારીખ | : | દરેક માસની પહેલી તારીખ |
| પ્રકાશક અને મુદ્રકનું નામ | : | હસમુખભાઈ પોપટલાલ વોરા, મુ. સોનગઢ, જિ. ભાવનગર |
| રાષ્ટ્રીયતા | : | ભારતીય |
| પ્રકાશન સ્થાન | : | શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ, તા. શિહોર, જિ. ભાવનગર |
| માલિક | : | શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ-૩૬૪૨૫૦ |
| તંત્રી | : | અનંતરાય વ્રજલાલ શાહ, સોનગઢ |
| મુદ્રણસ્થાન | : | કહાન મુદ્રણાલય, જૈન વિદ્યાર્થી ગૃહ, સોનગઢ |

હું નવિનભાઈ પોપટલાલ શાહ આથી જાહેર કરું છું કે ઉપર આપેલ વિગત મારી જાણ સમજ મુજબ સાચી છે.

નિવેદક :—નવિનભાઈ પોપટલાલ શાહ
મંત્રી : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,
સોનગઢ—૩૬૪૨૫૦

તા. ૧-૩-૨૦૨૬

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

| | | |
|---|---|---|
| પ્રાતઃ ૬-૩૦ થી ૬-૫૦ | : | પૂજ્ય બહેનશ્રીની ધર્મચર્ચાની ઑડિયો-ટેપ |
| સવારે ૮-૪૫ થી ૯-૪૫ | : | શ્રી સમયસાર ઉપર (૧૮મી વારના) પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ | : | શ્રી સમયસાર કલશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |
| બપોરે ૪-૦૦ થી ૪-૩૦ | : | શ્રી જિનેન્દ્ર ભક્તિ |
| રાત્રે ૭-૪૫ થી ૮-૪૫ | : | શ્રી સમાધિતંત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |

● **માનસ્તંભનો ૭૪મો વાર્ષિક પ્રતિષ્ઠા દિવસ** : ચૈત્ર સુદ ૧૦ તા. ૨૭-૩-૨૦૨૬, શુક્રવારના રોજ સોનગઢ શ્રી માનસ્તંભ પ્રતિષ્ઠાનો ૭૪મો વાર્ષિક દિવસ પૂજા ભક્તિના વિશેષ કાર્યક્રમ સહ ઉજવવામાં આવશે.

**શ્રી મહાવીર ભગવાન જન્મકલ્યાણક તથા**

**પૂજ્ય ગુરુદેવશ્રીના ૯૨ મા સંપ્રદાય પરિવર્તન દિવસનો મંગલ મહોત્સવ**

શ્રી મહાવીર ભગવાનનો જન્મકલ્યાણક દિવસ તથા પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સંપ્રદાય પરિવર્તનના ૯૨મા વર્ષનો મંગલ ઉત્સવ સ્વ. હીરાચંદભાઈ ત્રિભોવનદાસ દામાણી પરિવાર તરફથી સુવર્ણપુરી સોનગઢમાં ચૈત્ર સુદ–૧૩ સોમવાર તા. ૩૦–૩–૨૦૨૬ ના રોજ પૂજન ભક્તિના વિશેષ કાર્યક્રમોપૂર્વક અત્યંત ઉલ્લાસથી ઉજવવામાં આવશે. તો આ મંગળ પ્રસંગે સર્વે મુમુક્ષુઓને આ ઉત્સવનો લાભ લેવા સોનગઢ પધારવા ભાવભીનું આમંત્રણ છે.

● ધર્મનું સાધન બતાવે છે. સાધન નામનો આત્મામાં ગુણ છે. તે ન હોત તો સ્વરૂપ પરિણમન સમ્યક્ દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપી પરિણમન ન થાત. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના સાધન વડે મોક્ષદશા થાય છે. એવો ત્રિકાળ સાધન નામનો ગુણ છે. ચોથો કાળ, મજબૂત સંહનન વગેરેને અજ્ઞાની જીવો કેવળજ્ઞાનનું સાધન કહે છે. પણ તે સાધન નથી. 'કારણ' નામનો ગુણ પરિણમીને સાધન થાય છે. સાધકદશામાં દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યેના શુભરાગને ઉપચારથી સાધન કહેવાય છે. પણ જો 'કારણ' નામનો ગુણ આત્મામાં ન હોત તો આત્માના સ્વરૂપનું સાધન ન થાત, તે ગુણ છે તો વીતરાગી દશારૂપે તે પરિણમી રહ્યો છે. નિમિત્તો બાહ્યમાં હોવા છતાં ને શુભરાગ હોવા છતાં આ કરણ ન હોત તો વીતરાગી દશા ન થાત. તે સાધન દ્રવ્યમાં ત્રિકાળ પડ્યું છે. નિમિત્તમાં કે રાગમાં સાધન નથી.

— પૂજ્ય ગુરુદેવશ્રી

**નોર્થ-સાઉથ દિગંબર જૈન મુમુક્ષુ મંડળ**

**ગુરુભક્તિ સહ અધ્યાત્મ સાધના તીર્થ સુવર્ણપુરીમાં ઉજવે છે**

**અધ્યાત્મતત્ત્વ વિભાકર, શુદ્ધાત્મદૃષ્ટા જિનશાસન દિવાકર**
**વિદેહીધર્મદૂત, જ્ઞાયકયુગપ્રવર્તક, સ્વાનુભૂતિ સંપન્ન**
**પરમ પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો ૧૩૭મો**

# મંગલ-જન્મજયંતી-મહોત્સવ

અત્યંત હર્ષોલ્લાસ સહ નિવેદન કે આપણા પરમ-તારણહાર પરમોપકારી પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો આગામી ૧૩૭મો વાર્ષિક મંગલ જન્મોત્સવ અધ્યાત્મ-સાધનાતીર્થ સોનગઢ(સુવર્ણપુરી)માં નોર્થ-સાઉથ દિગંબર જૈન મુમુક્ષુ મંડળ, દ્વારા અતિ આનંદોલ્લાસપૂર્વક ઊજવવામાં આવશે.

તદ્નુસાર પૂજ્ય ગુરુદેવશ્રીનો આગામી ૧૩૭મો જન્મ-જયંતી (વૈશાખ સુદ-૨)નો મંગળ મહોત્સવ સુવર્ણપુરીમાં તા. ૧૫-૪-૨૦૨૬, બુધવારથી તા. ૧૯-૪-૨૦૨૬, રવિવાર—પાંચ દિવસીય મહોત્સવરૂપે 'શ્રી ચોસઠઋદ્ધિ મંડળ વિધાનપૂજા' પૂજ્ય ગુરુદેવશ્રીના આધ્યાત્મિક સીડી. પ્રવચન, પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની વિડિયો ધર્મચર્ચા, ધાર્મિક શિક્ષણ વર્ગ,ભજનમંડળી દ્વારા દેવ-ગુરુભક્તિ તથા સાંસ્કૃતિક કાર્યક્રમ આદિ અનેકવિધ રોચક કાર્યક્રમ સહ ઉજવવામાં આવશે.

ગુરુભક્તિના આ અનુપમ અવસરનો લાભ લેવા માટે ગુરુભક્ત સર્વે મુમુક્ષુઓને સોનગઢ પધારવા અમારા તરફથી ભાવભીનું નિમંત્રણ છે. આવાસ તથા ભોજન વ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવેલ છે.

(આ મહોત્સવની નિમંત્રણપત્રિકાની લેખનવિધિ સોનગઢમાં તા. ૧૧-૦૩-૨૦૨૬, બુધવારના રોજ રાખેલ છે. તો સર્વેને પધારવા વિનંતી છે.)

નિમંત્રક
નોર્થ-સાઉથ દિગંબર જૈન મુમુક્ષુ મંડળના
જય-જિનેન્દ્ર

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્દગાર

● ચૈતન્યતત્ત્વના લક્ષ વગર જે કાંઈ કર્યું તે બધું સત્યથી વિપરીત હોય. સમ્યગ્જ્ઞાનની કસોટી ઉપર ચડાવતાં તેની એકેય વાત સાચી ન નીકળે, માટે જેને આત્મામાં અપૂર્વ ધર્મ કરવો હોય તેણે પોતાની માનેલી પૂર્વની બધીયે વાતો અક્ષર અક્ષર ખોટી હતી. એમ સમજીને જ્ઞાનનું આખુંય વલણ બદલાવી નાખવું પડે. પણ જો પોતાની પૂર્વની વાતને ઊભી રાખે અને પૂર્વની માનેલી વાતો સાથે આ વાતને મેળવવા જાય—તો અનાદિના જે ખોટા સંસ્કાર ચાલ્યા આવ્યા છે તે નીકળશે નહિ અને આ નવું અપૂર્વ સત્ય તેને સમજાશે નહિ. ૭૩૫.

● સર્વજ્ઞ પરમેશ્વરની વાણીમાં વસ્તુસ્વરૂપની એવી પરિપૂર્ણતાની જાહેરાત કરી છે કે દરેક આત્મા પોતાના સ્વભાવથી પૂરો પરમેશ્વર છે, તેને કોઈ બીજાની અપેક્ષા નથી, તેમ જ દરેક જડ પરમાણુ પણ તેના સ્વભાવથી પરિપૂર્ણ—જડેશ્વર ભગવાન—છે. આ રીતે ચેતન ને જડ દરેક પદાર્થ સ્વતંત્ર અને પોતાથી જ પરિપૂર્ણ છે, કોઈ તત્ત્વ કોઈ બીજા પાસે આશ્રય માંગતું નથી. આમ સમજીને પોતાના પરિપૂર્ણ આત્માની શ્રદ્ધા અને આશ્રય કરવો ને પરનો આશ્રય છોડવો તે પરમેશ્વર થવાનો પંથ છે. ૭૩૭.

● આ આત્મસ્વભાવની વાત ઝીણી પડે તો વધુ ધ્યાન રાખીને સમજવા જેવી છે. આત્મા સૂક્ષ્મ છે તો તેની વાત પણ સૂક્ષ્મ હોય. જીવે એક સ્વની સમજણ વિના બીજું બધું અનંતવાર કર્યું છે. આત્માની પરમ સત્ય વાત કોઈક જગ્યાએ જ સાંભળવા મળે છે. કોઈ નોવેલો વાંચે છે, કોઈ ધર્મ સાંભળવા જાય ત્યાં ઓઠાં—વાર્તા સંભળાવે છે, બાહ્ય પ્રવૃત્તિ બતાવે છે, એ રીતે બાહ્ય ક્રિયાથી સંતોષ મનાવી ધર્મનું સ્વરૂપ ભાજી મૂળા જેવું સોંઘું બનાવી દીધું છે. આત્મસ્વભાવની જે વાત અનંતકાળમાં ન સમજાણી તે વાત સમજવા માટે તુલનાત્મક બુદ્ધિ હોવી જોઈએ. લૌકિક વાત અને લોકોત્તર ધર્મની વાત તદ્દન જુદી હોય છે. ઝટ ન સમજાય તેથી ના ન પાડશો. જે પોતાનું સ્વરૂપ છે તે ન સમજાય એવું અઘરું હોય જ નહિ. રુચિથી અભ્યાસ કરે તો દરેક જીવ પોતાનું આત્મસ્વરૂપ સમજી શકે છે. માત્ર સત્ સમજવાનો પ્રેમ જોઈએ. ૭૩૮

આત્મધર્મ
માર્ચ-૨૦૨૬
અંક-૭ ● વર્ષ-૨૦

Posted at Songadh PO
Publish on 1-3-2026
Posted on 1-3-2026

Registered Regn. No. BVR-367/2024-2026
Renewed upto 31-12-2026
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-



**Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.**

**Editor : Anantrai Vrajlal Shah.**

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

**www.kanjiswami.org**
**email : contact@kanjiswami.org**